શ્રી ગણેશાય નમઃ　　　　શ્રી હાટકેશામ્બિકાભ્યામ્ નમઃ

# શ્રી વડનગરા નાગર મંડળ -મુંબઈ

રજિ.ઓ : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટરોડ (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૦૭.
Website : www. shrivadnagaranagar.org

# નાગર મંજૂષા

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ)

જૂન ૨૦૧૬




FOR PRIVATE CIRCULATION ONLY



## અનુક્રમણિકા


૧) તંત્રી સ્થાનેથી

૨) જીવનપથ

૩) પહેલે દા' ડે પરોણો

૪) શિક્ષકની નોંધપોથી

૫) જેણે સાચવી કામવાળી...

૬) અનંતનો પરોણો

૭) મુક્તિ

૮) બે દિકરીની મા

૯) કાવ્યવિશ્વ

૧૦) કોમી એખલાસ

૧૧) નાગરકૂવાનું પાણીયારૂં

૧૨) Changing Reality

૧૩) સાક્ષરનો સાક્ષાત્કાર

૧૪) હાટકેશ્વરો જયતુ


## ટીમ નાગરમંજૂષા

દીના વછરાજાની, નેહા યાજ્ઞિક, ભદ્રાયુ વૈષ્ણવ તથા સુહાની દીક્ષિત

## વિશેષ આમંત્રિત

ડૉ. ભદ્રાયુ વછરાજાની

## આભાર


રેખા અવાશીયા

# તંત્રી સ્થાનેથી

ઉનાળાની ગરમીના તાપથી ત્રસ્ત ધરતી ચાતક પક્ષીની જેમ રિમઝિમ વરસાદની આતુરતાપૂર્વક આકાશ સામે મીટ માંડી રાહ જુએ અને અચાનક વાદળનો ગડગડાટ, વીજળીનો ચમકાર અને મેઘવરણું આકાશ વર્ષાના આગમનનાં જાણે વધામણાં આપે છે.

**વર્ષારાણી વર્ષારાણી, આવી આવી વર્ષા રાણી**

**મીઠી મીઠી સુગંધ લાવી, જ્યાં જુઓ ત્યાં પાણી પાણી**

આ જળના માધ્યમથી નભ અને ધરતીના સાયુજ્યથી તૃણાંકિત લીલીછમ ધરતી અને નવપલ્લવિત વૃક્ષોની લીલાશને આંખમાં મનમાં અને આપણા જીવનમાં પણ ઉતારવાની વર્ષાભીની મોસમ, આપણી અંદર રહેલા બાળકને જગાડવાની મોસમ, એક બાળકનું કુતૂહલ, જીવન પ્રત્યેનો વિશ્વાસ અને હકારાત્મક અભિગમ અપનાવી એક ખુશહાલ જીવનને જાળવવાની યાદ આપતી મોસમ. તો ચાલો આપણે મન ભરીને માણીએ આ થનગનતી ઋતુ. વિવિધ વિષયોથી ભરપૂર વિશાળ વાંચન અને વિચારોથી સમૃદ્ધ નાગર મંજૂષા ના અંકને સથવારે.

આપ સહુને વરસાદી વ્હાલ મુબારક...

**દીના વછરાજાની, સુહાની દિક્ષીત**

**વિશેષ નોંધ :-**

વિવિધ વાચનસામગ્રીનો રસથાળ આપ સહુ સમક્ષ પીરસતાં અમને પણ ઘણો સંતોષ થાય છે. નાગર મંજૂષા આબાલવૃદ્ધ સહુને મઝા પડે એવી સામગ્રી પીરસવામાં સતત પ્રયત્નશીલ રહે છે. અલબત્ત, એ આપના સહકાર વગર શક્ય જ નથી..

આપણા સ્વર્ગસ્થ સ્વજનો પણ ઘણું લેખનકાર્ય કરતા હશે. પરંતુ સમય અને સંજોગોના અભાવે તેઓનું કાર્ય અપ્રકાશિત, અલ્પપરિચિત રહ્યું હશે. આપણાં મિત્રો-પરિવારજનોમાં આવાં કંઈક કેટલાંય ઢંકાયેલાં રત્નો વેરાયેલાં હતાં. ટીમ નાગરમંજૂષા આ દટાયેલાં રત્નોને બહાર કાઢી એનો ઉજાસ ફેલાવવાનો નમ્ર પ્રયાસ કરે છે. જો આપના દિવંગત સ્નેહી-સ્વજનોનું કોઈ લખાણ આપશ્રી પાસે હોય તો અમને મોકલવા વિનંતી. એ એમને આપેલી અંજલિ જ હશે ને !

**-ટીમ નાગરમંજૂષા**

આપને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે નાગરમંજૂષા ના આ અંકથી એક મુઠ્ઠી ઉંચેરુ નામ જોડાઈ રહ્યું છે. એ નામ છે ડૉ. ભદ્રાયુ વછરાજાની જીવનપથ નામે કોલમ દ્વારા આપ હવે પછી એમનું લખાણ માણી શકશો. અહો આનંદમ્.

**નેહા યાજ્ઞિક**

**વાચકોને...**

શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ/લેખ/રચના મોકલવા ઈચ્છા છો ? તો...

૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવું.

૨. કૃતિ મોકલનારને પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી.

૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે

૪) કૃતિ મોકલવાનું સરનામું :

**સુહાની દીક્ષિત :**

સી-૧/૭૦૩, કેસર કો.ઓ.સોસાયટી, ચારકોપ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. મો. ૯૩૨૩૭૦૯૯૦૦

**દીના વછરાજાની**

બી-હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭.

ફોન : ૦૨૨-૨૮૬૮૨૨૯૭

આપ આપનું લખાણ અમને editor@shrivadnagaranagar.org ઉપર ઈમેલ કરી શકશો.

**Disclaimer : આ સામાયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**

# ।। જીવન પથ ।।

## બાપ તો ઘડે છે.!

ચણતર કરતાં ઘડતર કપરું છે..

દસ વર્ષની ઉમરે એક છોકરો ઝાડ નીચે ખાટમાં બેસી પુસ્તક વાંચતો હતો. ધ્રુવજીનો પાઠ હતો. તેમાં લખેલું કે ધ્રુવજી તો પાંચ વર્ષે ઘર છોડી નીકળી પડ્યા, સંન્યાસ માર્ગે ! જે પાઠ વાંચતો હતો તે જ રાખી છોકરાએ ચોપડી મૂકી ઊંધી ને ચાલવા માંડ્યો ઉત્તરમાં. ખબર એટલી હતી કે ઉત્તરમાં હિમાલય છે ! થાકી થાકીને જે જગ્યાએ ઉંઘ આવી ત્યા લંબાવ્યું. પાસેના ગામમાં શિવમંદિર હતું. છોકરાના પિતાજી ચતુર શિરોમણિ. એમણે જોયું કે ક્યો પાઠ વાંચતાં વાંચતાં આવું પગલું ભર્યું હશે ? શોધખોળ ચલાવી. દીકરો મળી ગયો. સમજાવીને ઘરે પાછો લાવ્યા. પિતાજીએ કહ્યું બેટા, સન્યાસી થવું હોય તો થજે. મારે પણ થવું તું પણ ન થઈ શક્યો. તું સન્યાસી થઈશ તો મને આનંદ થશે. પણ બેટા, અભણ સાધુ ન થવાય. પિતાજીના શબ્દોને માન આપીને એમણે એમ.એ. વિથ ફિલૉસૉફી સુધી અભ્યાસ કર્યો ! દસ વર્ષે ધ્રુવજીનાં માર્ગે લાવનાર ભાણજી તે આજના અધ્યાત્મ માર્ગના અવિરત યાત્રા સન્યાસી શ્રી ભાણદેવજી.

પચાસ વર્ષ સુધી કંઈ લખ્યું નહી, પોસ્ટકાર્ડ પણ નહીં. ગુરૂ મહારાજે કહ્યું મા વચને લખ. છેલ્લાં પચ્ચીસ વર્ષોમાં સો પુસ્તકો લખાયાં. ગુરૂદેવ ભગવાનને માં કહેતા, તે મા વચને લખાયું બધું. આચાર્ય દિગંબરજીએ શીખ્યું કે હિમાલય તો અધ્યાત્મભૂમિ છે. શ્રી ભાણદેવજીએ હિમાલયને હરપળ વાંચ્યો છે. તેઓ કહે છે. આ ભવમાં હિમાલય ગુમાવ્યો મને પાલવે નહીં. મોરબી પાસેની નદીના કાંઠે સરસ્વતી નિકેતન આશ્રમમાં સફેદ વસ્ત્રધારી યોગી અને યાજ્ઞિક શ્રી ભાણદેવજી પીપળાના ઝાડને બે નવાં પાન ફૂટે તો સૌને ભેગા કરે છે, કારણ એમને મન આખું અસ્તિત્વ આપણું ગુરૂ છે !.

વહીવટ-શિક્ષણ-શાસ્ત્રના ત્રિવેણીઘાટે જીવનસાધના કરનાર શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકના ચચેરાભાઈ. જન્મ મોસાળ પેટલાદમાં, વતન નડિયાદ. પિતાશ્રી અંગ્રેજી અને સંસ્કૃતના આદર્શ શિક્ષક. પિતાજી વલ્લભભાઈ પટેલના વર્ગસાથી કુલીનચંદ્રનું કુટુંબ અને ઉદ્ધેર અવૈધિક રીતે શાસ્ત્રોક્ત વિધિપુર્ણ. રોજની દિનચર્યા જ

શાસ્ત્રમયી. માતા જાતે ત્યારથી બુલંદ અવાજે અસ્ખલિત શ્લોકો બોલ્યા જ કરે. પિતાજી સવારે પાઠશાળામાં સંસ્કૃત અધ્યયન કરે, બપોરે શાળામાં સંસ્કૃત ભણાવે અને જમતાં પહેલાં સંધ્યાટાણે છોકરાંઓ સાથે શ્લોકોનું પઠન કરે. અંધારા પહેલા ઘરમાં ધૂસી જવાનું મા રાંધે ત્યાં સુધીમાં ત્રણ ભાઈબહેન હીંચકા પર હીંચકે, પિતા પરસાળમાં આંટા મારે, એક શ્લોક હીંચકા પરથી સામે એક શ્લોક પરસાળમાંથી !! આમ, અજાણતાં જ કેટકેટલાં સુભાષિતો-શ્લોકો-આખ્યાનો કુલીનચંદ્ર યાજ્ઞિકને કંઠસ્થ છે... કાકાના દીકરાને ટાઈફૉઈડ થયો. કાકા ન્યાયાધીશ. શિક્ષક પિતાશ્રીએ કહ્યું દર્દી દીકરાની સંભાળ લેવા હું રજા લઈશ, કારણ મારો પગાર ઓછો છે, એટલે (ઓછો) પગાર કપાય તો કુટુંબને આર્થિક સંકટ ઓછું આવે !.. તેમના આ મોટાભાઈ લૉનું ભણ્યા ને નડિયાદમાં પ્રેક્ટિસ શરૂ કરી. પ્રેક્ટિસ જામતાં વાર લાગે એટલે કુલીનચંદ્ર યાજ્ઞિકના પિતાશ્રીએ આચરિત સંસ્કારોએ શીખ્યું. કુલીનચંદ્ર IAS થયા, પાટણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્થાપક કુલપતિ થયા અને સૌથી ઉપર એક ઉમદા માનવશ્રેષ્ઠ થયા !!.

મા ઉછેરે છે, પણ બાપ તો ઘડે છે ! હે બાપ, તને પ્રણામ.

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

## પહેલે દાડે પરોણો - બીજે દા ડે પૈ

ભાનુમાસી તમે આગરા - દિલ્હી ક્યારે ઊપડો છો ? ઠંડી માં મજા આવશે. પણ ઊતરવાનું ક્યાં રાખ્યું છે? સુમતિએ પુછ્યું દિલ્હીમાં તો "ગુજરાતી સમાજ" માં ઊતરવાનો વિચાર છે. ભાનુમાસીએ જવાબ આપ્યો. સુમતિએ આગ્રહપૂર્વક કહ્યું, લે હોય કાંઈ ? દિલ્હીમાં આટઆટલાં નાગર કુટુંબ વસતાં હોય પછી સમાજ, ધરમશાળા કે લોજનો વિચાર કરાય ? ઝાલા, બક્ષી, ધોળકિયા, મહેતા, બુરા... અરે બીજાં ય ઘણાં છે. ઝટ દઈને યાદ નથી આવતું. અમે પાંચ જણ ગ્યાં તાં ત્યારે નવરંગલાલને ઘેર ઊતર્યા તો ઈ વરવહુ બિચારાંએ અમારૂં ઘણું ધ્યાન રાખ્યુ. હવે એની બદલી રાજકોટ થઈ છે. પણ હા વિનુભાઈ, મારા નણદોઈના પિતરાઈ ભાઈ દિલ્હીમાં જ છે. કે' તા હો હું તો પત્તું લખી નાખું. ઘર આમ મોટું નથી પણ અગાશીને અડીને છે. એટલે અગાશીમાં એ.. ને હારબંધ પથારી પાથરી દેવાય. ભાનુમાસીએ મલકાઈને કહ્યું, તારો આટલો આગ્રહ છે તો પછી વિનુભાઈને ઘેર ઊતરીએ. વધુ નહિ, પાંચ દિ.. અને આગરામાં કોઈ નાગર તારી જાણમાં છે ? મારો ભત્રીજો બે વરસ ત્યાં હતો પણ ગયે મહિને જ એણે પૂનામાં નોકરી લીધી. ચાળીસેક વર્ષ પહેલાંનો આ પ્રસંગ આજના સમયમાં જરા વિચિત્ર લાગે પણ તે સમયમાં નજીકનાં કે દૂરનાં સગાં જ નહિ, ઓછાં ઓછાં થઈને અજાણ્યાંની મહેમાનગતિ પણ થતી, કોઈ વાર મનમાં કચવાટ હોય ખરો. સગાં, સંબંધીઓ, સંબંધીઓનાં સગાં, ઘર કે નોકરીની શોધમાં આવેલા યુવાનો, સારવાર માટે આવેલી મોટી વ્યક્તિ અને તેની સંભાળ રાખનાર, વિદ્યાર્થીઓ વગેરે પણ થોડાઘણા સમય માટે રોકાતાં.

ભોગ લાગ્યા, માંગરોળથી કુન્દામામીનો ફોન હતો. પોતે, વહુ-દીકરો અને બેન-બનેવી ભેગાં આપણેં ઘેર ઊતરવાનાં છે. દિવસમાં ફક્ત બે જ કલાક પાણી આવે છે. એમાં આટલાં બધાનું નહાવા ધોવાનું, પાણી ભરવાનું નહિ ફાવે. કુન્દામામીના પાછા છૂછૂડાવેડા. વારે ઘડીયે હાથપગ ધોયા કરે. આટલાં બધાંની રસોઈ એટલે વાસણનો ઢગલો જોઈ કામવાળી ફટકશે. કેટલું રોકાવાના છે એનો ખુલાસો પણ નથી કર્યો. ના પાડીએ તો ભૂંડાં લાગીએ. પણ એ લોકોએ વિચારવું જોઈએ કે મુંબઈમાં કેટલી હાડમારી છે. ઠીક છે. પડશે એવા દેવાશે.

ઘરમાં આવેલા અતિથિના સત્કાર ઉપરાંત બીજી એક પ્રથા હતી, સ્ટેશને જવાની. પેસેન્જર અને મેઈલ ટ્રેનો મોટાં સ્ટેશનો પર સારા એવા સમય માટે રોકાતી.

લાગતા વળગતા પ્રવાસીઓ પોતાના કાર્યક્રમની વિગતો, કઈ ટ્રેન, સમય વગેરે અગાઉથી જ પોસ્ટકાર્ડ દ્વારા જણાવી દેતા. આતો સ્હેજ ફક્ત તમારી જાણ ખાતર જ લખ્યું છે. જેવી લિપ સર્વિસ પણ થતી. જે સ્ટેશને ટ્રેન થોડો વધારે સમય રોકાવાની હોય તે ગામમાં રહેતાં સગા-સંબંધી સમયાનુસાર ચા, નાસ્તો, શરબત, છાશ કે જમવાનું લઈને સ્ટેશને પહોંચી જતાં. સંપેતરાની લેવડદેવડ પણ થતી. ડાઈનિંગ કાર, સ્ટેશનની રેસ્ટોરાં કે પ્લેટફૉર્મ પરના ફેરિયાઓ પાસેથી નાસ્તા-જમવાનું લેવામાં સંસ્કારનો લોપ ગણાતો. મોટા ભાગે ઘેરથી નીકળતી વખતે દૂધ કે નાળિયેરના પાણીમાં લોટ બાંધી બનાવેલાં થેપલાં-પુરી, બટાટાનું શાક, ગોળપાપડી, સેવ-સક્કરપારા કે એવી બીજોના ટીમણથી ચાર ખાનાવાળું પિત્તળનું બાસ્કીટ ભરાતું. રસ્તામાં ચા-દૂધ કે ફળ ખરીદવાની અને સ્ટેશનના નળપરથી પાણીનો કૂંજો ભરાવવાની છૂટ હતી. સ્ટેશને ચા-નાસ્તો લઈ જવાના બહાને પરણવાલાયક કન્યા-મુરતિયા ને આડકતરી રીતે બતાડી લેવાની તક પણ ઝડપી લેવાતી. વર્ષો પહેલાં મારા નાના સ્વ. રામભાઈ સૌરાષ્ટ્રના એક શહેરમાં યોજાયેલા સાહિત્ય અધિવેશનમાં જતા હતા ત્યારનો એક પ્રસંગ ગંતવ્ય સ્થાનના આગલા સ્ટેશને પાંચ નાગર ગૃહસ્થ રામભાઈને મળવા આવ્યા હતા. એ સ્ટેશને ટ્રેન દસ મિનિટ માટે રોકાવાની હતી. એક ભાઈએ ઘરની બનાવેલી ચા કપ માં રેડી આગ્રહપૂર્વક રામભાઈને આપી. બીજા ભાઈઓને તેણે કહ્યું તમે લોકો તો ઘેરથી ચા-પાણી પીને જ આવ્યા હશો. એટલે હું વધારે ચા નથી લાવ્યો. વાતચીત દરમ્યાન એક ભાઈએ કહ્યું રામભાઈ આજે આંઈ રોકાઈ જાવ તો મજા આવશે. કાલે સવારે ટેક્સીમાં તમને પોંચાડી દેશું. માંડ અડધી કલાકનો રસ્તો છે. બીજા ભાઈઓએ પણ આગ્રહ જેવુ કર્યું, હા, હા ઊતરી જાઓ, એમને એમ વયા જાઓ ઈ સારું નહિ, અમારૂ મન રાખો ... રામભાઈ જવાબ આપ્યો. આજે અહીં રોકાઈ આવતી કાલે જવાનો મને જરા પણ વાંધો નથી. પણ એક સમસ્યા છે. તમારા પાંચ જણના ઘરમાંથી મારે કોને ઘેર ઊતરવું ? પાંચે ભાઈઓએ ઠાવકાઈથી ડોકું હલાવી કોરસમાં કહ્યું. હા, ઈ વાત તો સાચી.હવે તો ફાસ્ટ અને સુપરફાસ્ટ ટ્રેનોએ જંક્શન, પાણીનું સ્ટેશન, શન્ટિંગ વગેરે શબ્દો જ ભુલાવી દીધા છે.

આમ પણ મહેમાનો હવે ઘર, સગાં, ઓળખીતા કરતાં હોટેલ વધારે પસંદ કરવા માંડ્યા છે. અક્ષય અને વર્ષાએ જૂનાગઢ, વેરાવળ અને બીજાં બે - ત્રણ સ્થળોએ જવાનું નક્કી કર્યું હતું. હર્ષદાબેને પુત્રને કહ્યું, અક્ષય જૂનાગઢમાં બકુમાસીને ઘેર જ ઊતરજો. બિચારી રાજી થશે. ખ્યાતિને માટે હું... તેને આગળ બોલતાં રોકી વર્ષા બોલી ઓહ

મમ્મી, અમે હોટેલનું ઓનલાઈન બુકિંગ કરાવી લીધું છે. અને સાસણ-ગીર, સોમનાથ અને બીજું જોવા-ફરવા જઈએ છીએ. પ્લીઝ બકુમાસીને કે બાને કોઈને અમારા પ્રોગ્રામની જાણ નહિ કરતા. કોઈને ઘેર ઊતરવાનું ઈઝ સો બોરીંગ. હોટેલમાં અમારા ટાઈમે ઊઠીએ, નહાઈએ, ફરવા જઈએ, વજન ન વધે એવું ખાઈએ તે કોઈ આગ્રહ ને કટકટ કરવાવાળું તો નહિ. કોઈના ઘરમાં કેવો ટોઈલેટ હોય, કેવાં બેડશીટ હોય. છટ્ મને ગમે નહિ. અમે હોલીડે પર જઈએ છીએ. કોઈને મળવું નથી.

આટલા વખતે આવ્યા છો તો આઠ દિ વધુ રોકાઈ જાઓ, જયશ્રીનાં લગનને માંડ પંદર દિવસ બાકી છે. પ્રસંગ સાચવીને જ જાઓ ગોરી કાકીની પંચોતેરમી વરસગાંઠ ઉજવવા રોકાઈ જાઓ. આ થયો ભૂતકાળ. અત્યારે ઘણાં માયાળું કુટુંબો સરભરા કરવા તત્પર હોય. તો પણ લાચારી છુપાવવા. ફેબ્રુઆરીમાં તો અમે વડોદરા જવાના છીએ, તમે આવત તો બહુ મજા આવત પણ ત્યારે જ બટીબેનનું મોતિયાનું ઓપરેશન છે કે તનુકાકાની સારણગાંઠનું ઓપરેશન છે, જનુકાકા પથારીવશ છે એમાં પાછાં સ્મિતાબેન પૂરે દિ યે છે. અમારી બન્ને લિફ્ટનું રિપેરીંગ છે એટલે છઠ્ઠે માળે ચડવાની ખાસ તો હાર્ટ પેશન્ટ બિન્દુભાઈને મુશ્કેલી પડશે.. જેવું કહેતા હોય છે. સમય સંજોગની બલિહારી - બીજું શું ?

**ડૉ. પ્રજ્ઞા પૈ.**

# શિક્ષકની નોંધપોથી...

## શાળા, શિક્ષક, વિદ્યાર્થી અને ફિલ્મફેર...

ન્યુ ઈરા શાળા - મુંબઈ, શિક્ષકોના નવા વિચારો, નવા દૃષ્ટિબિંદુઓને અમલમાં મૂકવા શાળાના સંચાલકો હંમેશા નવા અભિગમની વાત કરતા.

શાળાની નીતિ મુજબ દર મહિનાના છેલ્લા શનિવારે ૧૧ થી ૫ ના સમયમાં પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોની મીટિંગ યોજવામાં આવતી અને આ મીટિંગ દરમિયાન શિક્ષકો અનેક શૈક્ષણિક પ્રશ્નો પર વિચારવિનિમય શાળાના પ્રાચાર્ય ડૉ. કાંતિભાઈ વ્યાસ, શાળાના ત્રણ વિભાગીય વડા (Sectional Heads) સાથે કરે અને શિક્ષકોના પ્રશ્નોનો ઉકેલ લાવવાના શૈક્ષણિક ઉપચારો કરે.

આવી જ એક મીટિંગમાં બે ત્રણ શિક્ષકોએ ફરિયાદ કરી કે માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ ચાલુ વર્ગે ફિલ્મફેર મેગેઝીન વાંચે છે. બે ચાર વિદ્યાર્થીઓને આ બાબત અઠવાડિયાં સુધી શાળામાંથી નિલંબિત કરવામાં આવ્યા હતા છતાં ફિલ્મફેર વંચાતું રહ્યું. તો હવે કરવું શું ? વિદ્યાર્થી ફિલ્મફેર વાંચે અને ચાલુ વર્ગે.. કેમ સહન થાય ! સમાજના બદલતા વાતાવરણને ધ્યાનમાં રાખી કંઈક જુદું જ વિચારવું પડશે. આવા પ્રશ્નોના ઉકેલ માટે એક નવો જ ક્રાંતિકારી દ્રષ્ટિકોણ અપનાવવો પડશે.. અને તોજ ઊભી થતી નવી સમસ્યા દૂર કરી શકાય તેવું હું મારા અનુભવથી શીખ્યો હતો.

પ્રણાલિકા મુજબ આ પ્રશ્ન અંગે વિભાગીય વડા તરીકે મારા મંતવ્ય વિષે મને પૂછવામાં આવ્યું ત્યારે મેં મારા વિચારો રજૂકરતાં કહ્યું. સૌથી પ્રથમ તો એક હકીકત આપણે સમજી લેવી જોઈએ. ફિલ્મફેર દરેક શિક્ષકોના વર્ગમાં વંચાતાં નથી. માટે જે શિક્ષકોના વર્ગમાં નોટની વચ્ચે રાખી ફિલ્મફેર વંચાય છે તે શા માટે તેમના જ વર્ગમાં વંચાય છે ? આ પ્રશ્ન શિક્ષકો પોતાની જાતને પૂછે તો તેઓને તેનો ઉત્તર મળી જવાની શક્યતા છે. ચાલુ વર્ગમાં ફિલ્મફેર ન વંચાવું જોઈએ એ નિર્વિવાદ પરંતુ વિદ્યાર્થીઓ ફિલ્મફેર વાંચે છે તે પ્રત્યે આટલી સૂગ શા માટે ? આટલે આઘાત શા માટે ?

આજના ઝડપથી બદલાતા સામાજિક વાતાવરણમાં વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાંથી ચલિત કરતાં અનેક પરિબળો નજરે પડે છે. પુખ્ત વયની વ્યક્તિઓ પણ ન વાંચવા જેવું ઘણું સાહિત્ય વાંચે છે તો કુમારાવસ્થાના વિદ્યાર્થીઓ (Teenagers) આવાં પરિબળોનો શિકાર બને તે અનિચ્છનીય હોવા છતાં સ્વાભાવિક છે.. તો પછી હાથ

જોડી વાસ્તવિક પરિસ્થિતિને સ્વીકારી બેસી રહેવું ?

ના બિલકુલ નહીં, પરંતુ આપણી થોડીક વિચારશ્રેણી બદલીએ... કંઈક નવું વિચારીએ. ગમે તેવા અશ્લીલ અને અનિચ્છનીય સાહિત્યમાં પણ કંઈક શીખવા જેવી માહિતી પડી જ હોય છે. આ ગુપ્ત માહિતીને શોધી તેને શૈક્ષણિક ઢાંચામાં ફેરવવા શિક્ષકોએ કંઈક નવોજ અણખેડાયેલ અભિગમ અપનાવવો જોઈએ. શાળાના પ્રાચાર્યે તરત જ પ્રતિસાદ આપતાં કહ્યું, શાળાની પ્રણાલી મુજબ તમે નવો અભિગમ, નવો દ્રષ્ટિકોણ અપનાવી ફિલ્મફેર વર્ગમાં વાંચવાના પ્રશ્નનો ઉકેલ લાવો તો માનું.. જે દ્રષ્ટિકોણ અપનાવવા માગો છો તે સવિસ્તાર મારી ઓફિસની રૂમમાં આવી સમજાવો.

નિયત કરેલ સમયે પ્રાચાર્યશ્રી ડૉ. કાંતિભાઈ વ્યાસને વિભાગનાં વડા બેન સ્વ.શ્રી. સુશીલાબેન વાંકાવાલા અને પ્રાથમિક શાળાનાં મુખ્ય સંચાલિકા સ્વ. શ્રીમતી જરબેન ની હાજરીમાં મેં મારા પ્રકલ્પ (Project) નું માળખું રજૂ કર્યું. વર્ગ ૯ માં સમાજશિક્ષણના અઠવાડિયામાં મારા ૮ પિરિયડોમાંથી બે પિરિયડમાં અમે વિદ્યાર્થી સાથે ફિલ્મફેરના અંકમાં આપેલ માહિતી વાંચશું, સમજશું અને ચર્ચા કરશું. વર્ગ ૯ ના એક ડિવીઝનમાં આ પ્રયોગ કરવાની પ્રાચાર્યે છૂટ આપી. ત્રણ મહિનામાં અપેક્ષતિ પરિણામો લાવવા પ્રયત્ન કરવાનું જણાવ્યું. રવિવારે Extra Classes લઈ વિદ્યાર્થીઓએ ગુમાવેલ મુખ્ય અભ્યાસક્રમ પૂરો કરવાની બાંહેધરી આપી. આ પ્રયોગના પરિપત્ર માતાપિતાને મોકલતાં થોડાઘણાં પ્રતિકારનો સામનો કરવો પડ્યો. પરંતુ શાળાના શિક્ષકોને પ્રયોગશીલ શિક્ષકોનું પીઠબળ મળતાં આ પ્રયોગ શરૂ કર્યો.

પહેલે દિવસે ફિલ્મફેર માટે વર્ગમાં ઉત્તેજના હતી. મેં બ્લેકબોર્ડ પર એક પ્રશ્ન લખ્યો. What is montage technique used in film making? વર્ગમાં સ્મશાનવત્ શાંતિ ફેલાઈ ગઈ. કોઈપણ ઉત્તર ન મળતાં બીજો પ્રશ્ન કર્યો. ફિલ્મફેરના આ વચલા પાના પર કોની તસવીર છે ? એક અવાજમાં જવાબ મળ્યો, હેમા માલિનીની પહેલા પ્રશ્નનો જવાબ ન આપવા માટે વિદ્યાર્થીઓને ઠપકો ન આપતાં કહ્યુ. તમે બધાએ તમારી સામે પડેલ ફિલ્મફેરનો અંક જોયો છે તે નક્કી, પરંતુ આ અંક વાંચ્યો નથી. જુઓ આજ અંકમાં મોન્ટાજ ટેકનિક વિષે પાનાનું રસપ્રદ લખાણ છે. આ એક Flashback Technique છે તે સમયે ભૂલતો ન હોઉં તો મૃણાલ સેનનું એક ચલચિત્ર મુંબઈમાં ચાલતું હતું કે જેમાં આ ટેકનિક નો ઉપયોગ થયો હતો. આ ટેકનિક વધુ સમજવા આ ફિલ્મ જોવાનું

વિદ્યાર્થીઓને હોમવર્ક આપ્યું. આવું હોમવર્ક કરવાનો વિદ્યાર્થીઓ માટે આનંદાશ્ચર્ય અનુભવ હતો.

બીજે અઠવાડિયે ફિલ્મફેરમાં આવેલ એક જાહેરખબરનો સવિસ્તાર અભ્યાસ કરવાનું કહ્યું. સંતોષ થઈ જતો હતો. પરંતુ જાહેરખબરમાં આવતા Choreography, Cinematography & Editing જેવા શબ્દોથી તેઓ અપરિચિત હતા. આ બધા શબ્દોની સમજ દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને આપી. વિદ્યાર્થીઓની જિજ્ઞાસાવૃત્તિ તીક્ષ્ણ બની Re-cording અને શા માટે ? સ્ટેજ પર અભિનય કરવાની લાક્ષણિકતાઓ બાબત પ્રશ્નો પુછાયા. આ પ્રશ્નો ઉપરાંત ફિલ્મક્ષેત્રના જાણીતા અભિનેતાઓ અને અભિનેત્રીઓનાં આગવાં લક્ષણો પર ફિલ્મફેરની માહિતી અને અન્ય સ્થળોએથી માહિતી એકત્ર કરી વિચાર વિનિમય કરી નોંધ તૈયાર કરતા.

૧૯૭૫-૭૬ ના અરસામાં શોલે ચિત્રપટે દેશભરમાં ધૂમ મચાવેલી. ચલચિત્રક્ષેત્રમાં પહેલીજ વાર પગરણ માંડતા અમજદખાને ગબ્બરસિંહનું પાત્ર અત્યંત અસરકારક રીતે ભજવેલું આ અભિનેતાની અદાકારી અને તેના અવાજના ધારદાર પોત સાથે સાથે તેના સંવાદો સમયે વાગતા પાર્શ્વસંગીતનું (Background Music) નું તેના સંવાદોને પ્રભાવશાળી બનાવવામાં યોગદાન નોંધનીય છે. ગબ્બરસિંહ શોલેમાં જ્યારે જ્યારે પોતાના સંવાદો બોલે છે. ત્યારે ત્યારે પાર્શ્વસંગીતમાં પોલીસ સાઈરનનો અવાજ મૂકવામાં આવ્યો છે. સાઈરનના અવાજ વગર આ સંવાદ વિદ્યાર્થીઓને વર્ગમાં સંભળાવ્યો અને ત્યારબાદ સાઈરનના અવાજ સાથે ગબ્બરસિંહ ના સંવાદો સંભળાવ્યા. સાઈરનના પાર્શ્વસંગીત ના અવાજને પરિણામે આ સંવાદ વધુ અસરકારક બનતાં અભિનેતાનું પાત્ર કેટલું ઊભરી આવે છે. તે વિદ્યાર્થીઓએ અનુભવ્યું. આમ ફિલ્મોમાં પાર્શ્વસંગીત મહત્વનો અભ્યાસ થઈ ગયો. Importance of the background વિષે ફિલ્મફેરના અંકમા લેખ આવેલો કે જે દ્વારા આ અભ્યાસ કરવો વિદ્યાર્થીઓ માટે સરળ બન્યો. આ અભ્યાસ બાદ વિદ્યાર્થીઓને કરી શોલે જોવાનું હોમવર્ક આપ્યું અને આ અભ્યાસ સ્વાનુભવથી વધુ સંગીન અને રસપ્રદ બન્યો. આવાં તો ફિલ્મ નાં અનેક પાસાંનો અભ્યાસ કર્યો અને આ અભ્યાસનું પાઠ્યપુસ્તક ફિલ્મફેર બન્યું.

આ પ્રકલ્પ (Project) ની ત્રણ મહિનાની મુદત પૂરી થતાં પ્રણાલી મુજબ ભરાતી ગુરુવારની એસેમ્બ્લીમાં શાળાના સભાગૃહમાં વર્ગ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ અને

વાલીઓ સમક્ષ આ વિદ્યાર્થીઓએ ફિલ્મ અને તેનાં વિવિધ પાસાં પર પુછાયેલ પ્રશ્નોના સંતોષજનક ઉત્તરો આપ્યા.

પરિણામ એ આવ્યું કે વર્ગમાં ફિલ્મફેર વાંચવાની વિદ્યાર્થીઓની ચેષ્ટા બંધ થઈ કારણ કે તેઓને એક હકીકત સમજાઈ કે ચાલુ વર્ગે ફિલ્મફેર જોઈ શકાય, વાંચી ન શકાય. આટલું જ નહીં ઘેર વિદ્યાર્થીઓ ફિલ્મફેરનો શૈક્ષણિક અભ્યાસ કરતા થઈ ગયા.

આવા પ્રયોગો માટે એક અતિ આવશ્યક માહિતી આપી વિરમું છું. આવાં શૈક્ષણિક પ્રયોગ કરવા પહેલાં અને તેના અમલ દરમિયાન શિક્ષકે તેના સંદર્ભોની ઇતર માહિતીનો અભ્યાસ અને વર્ગમાં તેને રજૂ કરવાની રીતિનીતિની પૂર્વતૈયારી કરવી એ અત્યંત આવશ્યક છે. આ પ્રયોગ દરમિયાન ઝેવિયર્સ કૉલેજ ફિલ્મ અભિનયની સંસ્થાની લાઈબ્રેરી ઉપરાંત રૉયલ એશિયાટિક લાઈબ્રેરી અને પેટિટ લાઈબ્રેરીમાં જઈ પુસ્તકોનું વાંચન કરવું પડતું. આ ઉપરાંત આ ક્ષેત્ર સાથે સંબંધ રાખતી વ્યક્તિઓ પાસેથી માહિતી મેળવવા અઠવાડિયામાં ત્રણેક કલાક ફાજલ રાખવા પડતા.

આ પ્રયોગની સફળતા માટે શાળા સંચાલકોનું પીઠબળ અને સહશિક્ષકોના ટીમવર્કને પરિણામે આવા પ્રયોગો અપનાવવાની હામ ભીડી સાંગોપાંગ રીતે પૂરો કરી શક્યો. આવા પ્રયોગો કરીએ તો શિક્ષકો માટે શિક્ષણ વ્યવસાય અને વિદ્યાર્થીઓ માટે અભ્યાસ બોજારૂપ ન બનતાં રસપ્રદ બને છે.

**શ્રી દીનેશ બૂચ**

## જેણે સાચવી કામવાળી બાઈ તેને સુખી રાખે શિરડી સાંઈ

તાજેતરમાં વડોદરા શહેરના આર.વી. દેસાઈ રોડ વિસ્તારની કામવાળી બાઈઓએ ૧ કામના ૩૫૦/- ની સામે વિરોધ નોંધાવી રૂ. ૪૦૦/- કરવાની માગણી સબબ જબરદસ્ત હડતાળ સામુહિક ધોરણે પાડી. કામ પર વાયડાઈ કરીને જાય તેનું પિકેટિંગ - હાથપિટાઈ, બોલાચાલી, ગાળાગાળી પણ થયાં. સારા ઘરની ગૃહિણી પોતાના જ ઘરનો કચરો વાળતી હતી તેને બીજી બાઈઓએ કામવાળી સમજીને તેને કામ બંધ કરવાનું કહ્યું ને મામલો બીચક્યો. સ્ત્રી સંગઠનનું કામ કરતી સંસ્થાઓ કામવાળી બાઈઓના પ્રશ્નમાં મધ્યસ્થી થઈને આસું લૂછવા આવી, પણ ફાવી નહીં. કામવાળી બાઈઓનું યુનિયન બનાવવાની વાત તૂટી ગઈ અને ભાગલા પાડો ને રાજ કરો ની નીતિ કામ કરી ગઈ. પોલીસ મધ્યસ્થ બને તેવી પણ ઈચ્છા પ્રગટ થઈ. કેટલાકે રૂ. ૪૦૦/- કરી દીધા, કેટલાક અડગ રહ્યા. કેટલીક ગૃહિણીઓએ મચક ન આપવાનું મુનાસિબ માન્યું. આમ આર.વી. દેસાઈ રોડ ઉપર ટેલી.સભા.સરઘસ દોડાદોડીનાં હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયાં. ગિનેસ કે લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં નોંધવા જેવી આ દુર્ઘટના હતી. તે પરથી એક સૂત્ર બનાવાય:

કામવાળી બાઈ.. આવે તો હાશ ...।<br>
કામવાળી બાઈ.. ન આવે તો ત્રાસ .. ।

કાલીદાસની પત્ની ચંપાનો ઝામરો કાપવા નાનો ચીરો મૂકવાનો હતો. ચંપાએ લોકલ એનેસ્થેશિયાની ના પાડી. ગામડું હોવાથી શીશી સૂંઘાડનાર ડૉક્ટર મળે નહી. ૫-૧૦ મિનિટ જ ચંપાને બેભાન કરવાની હતી. શું કરવું, તેની વિમાસણમાં તથા ચંપાને ઘેર ૧૫ માણસોનો પરિવાર હોવાથી બધા ટેન્શનમાં હતા. ત્યાં જ કાલીદાસના જિગરી દોસ્ત બાબુએ ડૉક્ટરને હાજર રાખી એટલું જ કહ્યું. બે દિવસ કામવાળી નથી આવવાની. ને ચમત્કાર થયો ! ઘરની મોભી ચંપા બેહોશ થઈને પડી. ડૉક્ટરે બેહોશાવસ્થામાં ચીરો મૂકી દીધો. ઘરની ચિંતામાં ચંપા એક દિવસ બેભાન રહી ભાનમાં લાવવા અનેક પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ રહ્યા. ત્યાં બાબુ બોલ્યો, ભાભી આજથી કામવાળી નથી આવવાની.

ચંપા હેં કહીને બેઠી થઈ ગઈ.

મા પાવાવાળી, મા ગબ્બરવાળી, મા અંબેવાળી, મા બહુચરવાળીની જેમ મા કામવાળીનો પણ આ પરચો હાજરાહજૂર છે. સૌ માતાજીઓને સ્તુતિ-પ્રશંસા-વખાણ ગમે જ, તેથી કામવાળી બાઈનું જે કંઈ નામ હોય તેના નામના ૧૧૧૧ જપ રટો એટલે

પ્રોબ્લેમ ઊકલી જ જાય. શરત એટલી કે તે કામવાળી બાઈનું નામ ઘરવાળીના નામ કરતાં જુદું હોવું જોઈએ.

ક્લાસ ટીચર મનસુખલાલે વિદ્યાર્થી હસમુખને લાફો માર્યો. તેને કહ્યું , નાલાયક ઘરકામ કેમ નથી કર્યુ ? હસમુખે જવાબ આપ્યો, સાહેબ ઘરકામ માટે બાઈ રાખી છે, ટીચર ઝંખવાણા પડી ગયા. કેવો કમાલ કામવાળીનો કે શિક્ષકનો ગુસ્સો તરત ઠંડો થઈ ગયો. કામવાળીબાઈ તરફ કોઈ નિષ્પક્ષ કે તટસ્થ નથી થઈ શક્યું. ગરબડદાસ એટલું જ બોલ્યાઃ કામવાળી બાઈને ઘરનું એક મહત્વપૂર્ણ અંગ સમજો તો કોઈ સમસ્યા ન થાય. ત્યાં તો ગરબડદાસનું ડાબું અંગ (વામા) પત્ની જમના તાડૂકી ઊઠી ને સંસાર સળગ્યો.

ઓ.એન.જી.સી.ના અધિકારીઓ કામવાળીને સરકારી દવા, ગાઉન, સાડી, અવનવી, ગિફ્ટ આપીને બહુ સાચવે છે. બે બાઈ વાત કરતી હતી.

તારા શેઠનું કેવું ? શેઠાણીનું કેવું ?

શેઠાણી બડબડ કરે. શેઠ શાંત થઈ જાય. શેઠાણી જેટલાં જ લાડ લડાવે. શેઠાણીને ખરાબ લાગે પણ મને તો શેઠાણી કરતાં પણ વધુ સાચવે. તેમની પત્ની શારદાને પત્ની કહે ને મને કહે. 'સ્પેરવ્હીલ' અને વાતેય સાચી જ છે ને ! સંસારચક્રની ધરી તો આપણે જ ને ?

તારાં શેઠ શેઠાણીનું કેવુંક ?

બીજી બોલી : શેઠાણી શેઠને બિલકુલ ગમતાં નથી. શેઠ ભલો માણસ છે. મને તો અંગ્રેજી ન આવડે, પણ શેઠ દરેક ફોન પૂરો કરતાં ગુડ બાઈ બોલે છે. અલી। મારાં વખાણ કરે છે તેટલી ખબર તો મને પડે જ છે. દલા શેઠ અને ભોપા શેઠ વાતોએ વળગ્યા. બન્ને તવંગર પૈસાનું બહુ અભિમાન.

દલા શેઠઃ ભોપા, લક્ષ્મી ચંચળ છે. આજે આવે ને કાલે જાય.

ભોપા શેઠઃ તેવું છે ? મારી કામવાળી બાઈનું નામ લક્ષ્મી જ છે. સવારે આવે, સાંજે જાય. ક્યારે પણ ક્યાંય અદૃશ્ય થઈ જાય, તે પણ કહ્યા વગર પણ ચંચળતા હજી દેખાડી નથી.

દલા શેઠઃ એકવાર હાથ તો પકડી જો. લક્ષ્મી દેખાડીશ તો લક્ષ્મી રાજી થશે. પછી લીલા લહેર.

ભોપા શેઠઃ શું લીલા લહેર, તારી ભાભીનું નામ જ લીલા છે જેની સાથે મેં હાથ પીળા કરેલા. હવે તેને લાલઘૂમ કરવાની ?

મિત્રો, નક્કી કરો તમારે કેવી કામવાળી જોઈએ છે ? ચીનુકાકા તો સ્પષ્ટ કહે છે. ઘરમાં ઘરવાળી બાઈનો ત્રાસ, કામવાળી બાઈનો ત્રાસ, તો રોડ પર ગાયનો ત્રાસ રંજાડે છે.

કામવાળી બાઈ, ઘરવાળી બાઈ, રસ્તા પરની ગાય ને સીનિયર સિટિઝનનો કોઈ ભરોસો નહીં. ગમે ત્યારે વળાંક લે. ઠામવાસણવાળી કામવાળી બાઈ, ગામની ગામડિયણ અભણ બાઈ, જામ છલકાવતી જામવાળી બાઈ, વારે વારે દામ માંગતી દામવાળી બાઈ, નામ પ્રમાણે ગુણવાળી નામવાળી બાઈ ના આવે ત્યારે બામથી માથું દુઃખાડે કે દયાભાવથી બામ ઘસી દેનારી બાઈ, ન કામ કરતી બેઠી રહેતી હરામનું ખાનારી બાઈ, જીવતા જીવ રામનામ સત્ય હૈ બોલાવતી રામબાઈ પત્ની જેટલું જ ડાબું અંગ ગણાતી વામબાઈ, સમજશાણપણથી કામ કરતી શામબાઈ કે પછી પગાર માટે સામે લડત (હામ) ભીડે તેવી હામબાઈ કે.બી.સી.ની જેમ વિકલ્પ પસંદ કરો.

છગનકાકાએ પેપરમાં જાહેરાત આપી કે કામવાળી જોઈએ છે.

૧. કપડાં માટે ૨. વાસણ માટે ૩. પોતા માટે કામવાળી બાઈઓની હડતાળ દરમિયાન મેં ગૃહિણી દક્ષાબેનનો ઈન્ટરવ્યુ લીધો.

મેં. પૂછ્યુંઃ તમારે કેવી અસર થઈ ?

મને કહેઃ બિલકુલ નહી.

મે પૂછ્યુંઃ કેમ ? તો કહે, માણસ રાખેલ છે.

મે પૂછ્યુંઃ ઘાટી ? તો કહે, ના તમારા ભાઈ દલપતભાઈ કપડાંલતા ધોવા, કચરો વાળવો, વાસણ ઘસવાં. વર્ષોથી ( ૪૦ વર્ષોથી) તે જ કરે છે. તે દલપત નહીં, અમારા ઘરની આબરૂ છે. કામવાળીના બધાચ ગુણ છે.

કામવાળી બાઈના ત્રાસથી કંટાળી નાથાલાલ તથા રમાબેને નક્કી કર્યું કે દીકરો કામવાળી બાઈની દીકરીને પરણાવવો જેથી હડતાળ ન પાડે.

ત્યાં તો ધર્માંતરભાઈ બોલ્યા, તે પિયરમાં હડતાળ પાડશે. કારણ ? લોકમાન્ય તિલકનું સૂત્ર સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે ની જેમ હડતાળ પાડવી એ અમારો જન્મસિધ્ધ હક્ક છે. તમે કોને પહોંચશો ?

દિનેશભાઈ-કાંતાબેન-તેનો દીકરો મયંક ને દીકરાની વહુ ગૌરી ઘરના બગીચામાં ગપ્પાં મારતાં બેઠાં હતાં ને ફોનનું બિલ આવ્યું, બે માસનું ૫૬, ૫૪૦ રૂપિયા.

દિનેશભાઈ: હું તો બધાય ફોન બેંકમાં નોકરી પર હોઉં ત્યારે જ કરી લઊ છું!

કાંતાબેન: હું એલ.આઈ.સી. માં મેનેજર છું બધા ફોન ઓફિસથી જ કરું છું. મયંક અને ગૌરીએ પણ તેમજ કહ્યું કે, અમે પણ ઓફિસથી જ ફોન કરીએ છીએ. તો આટલુ મોટું બિલ કેવી રીતે આવ્યુ? આટલા બધા ફોન કોણે કર્યા? આપણે તો સવારના ૯ થી રાતના ૯ સુધી નોકરી ધંધા પર હોઈએ. બધાને કામવાળી નિરૂ પર શંકા ગઈ. તેને બોલાવીને ધમકાવી. નિરૂ બોલી હું પણ બધા ફોન કામ ઉપર આવું છું ત્યાંથી જ કરી લઈ છું.

શેઠાણી : કોને ?

નિરૂ: મારી જૂની શેઠાણીઓ દુબઈ, લંડન, પેરિસ, સિંગાપુર વગેરે જગ્યાએ રહે છે. તેમને જૂનાં ભજનો સંભળાવુ ને અહીંની લટકમટક વાતોના વડાં કરું. તમે કોઈ ઘરે ન હો એટલે ગીતો પણ ગાઈને સંભળાવું.

શેઠાણી: તારા બાપનો ફોન છે ? આવું ખોટું કામ કરે છે ?

નિરૂ: હું તો કામવાળી બાઈ કહેવાઉં તેથી કામ પરથી જ ફોન કરું ને! પણ તમે તો નોકરીવાળા કહેવાઓ. ખોટું તમે કરો છો હું નહીં. ૯ થી ૯ તો હું માલિક. ચારેય સ્તબ્ધ થઈ ગયા.

ચતુરભાઈનાં પત્ની પુષ્પાબેન પોતાની કામવાળી બાઈ રૂપાને જૂના ગાઉન, સાડી વગેરે આપે. બંનેની હાઈટ બોડી સરખાં. પુષ્પાબેન ભજનમાં ગયેલાં ને રૂપા પુષ્પાબેનનું ગાઉન પહેરીને આવી. ચતુરભાઈને પત્ની સાથે અડપલાં કરવાની ટેવ. તેથી રૂપાને પત્ની સમજી થાપે ટપલી મારી, રૂપા કહે, ચતુર છો કે આતુર છો ? હું રૂપા છું. જરા જુઓ તો ખરા.

અપના હાથ જગન્નાથ. હાથની આંગળી પર કપડું વીંટી બારી સાફ કરીએ તેવી વેક્યુમ ક્લીનર ન કરી શકે, તે ફક્ત ધૂળ જ ઉડાડે. હાથ ઘંટી ફેરવો. હેન્ડપંપ ચલાવો. કૂવેથી પાણી ભરો, તળાવે કપડાં ધુવો આ બધી નાની મોટી કસરતો જ છે. કામવાળી બાઈઓનો ખોરાક પૌષ્ટિક નથી હોતો. મોટાભાગની પાંડુ રોગ કે અશક્તિની બીમારીથી પિડાય. આખરે તે પણ માણસ છે, મશીન નથી.

કંચનભાઈ હાથમાં કેરીબેગ લઈને જતા હતા, જેમાં વિટામીન, બી કોમ્પલેક્સ, કોમ્પ્લાન, બૂસ્ટ, બોર્નવિટા, લીલાં નાળિયેર તથા ફળો હતાં. મે પૂછ્યું કેતકીબેન માંદાં છે ? આ બધું ભાભી માટે છે ? મને કહે, ના ઘરવાળી માટે નહીં પણ કામવાળી માટે છે. હું

તો સમજુ છું, એટલે કામવાળીની બરોબર સેવાચાકરી કરું છું. સર સલામત તે પઘડીયાં બહોત, તેજ રીતે કામવાળી બાઈ સલામત તો ટળે બધી આફત

તેથી રોજ કરું ઈબાદત કે ન બગાડે ઘરની હાલત

કામવાળી ભલે એક કલાક આવતી હોય પરંતુ તેનો દરજ્જો ઘરવાળીથી ઊંચો છે. તેવુ સાંપ્રત સમાજમાં ભાસે છે.

મોહનભાઈએ પત્ની કરુણાને કહ્યુંઃ આ વખતે તારા જન્મદિવસે વોશિંગ મશીન, ડિશવોશર તથા વેક્યુમ ક્લીનર ભેટ આપવા માંગુ છું.

કરુણાઃ પૈસાનું ઝાડ છે ? મારે કાંઈ નથી જોઈતું.

મોહનભાઈ : અરે, કંપની તરફથી ભેટરૂપે છે. તને શું વાંધો છે ? વાતે વાતે આડું પાડવાનું !

કરુણાઃ વાસણ તમે ઘસજો, કપડાં તમે ધોજો તથા કચરા પોતાં તમે કરજો. થ્રી ઈન વન તમે છો પછી શું ? આ ત્રણના રોકડા લઈ મારા માટે પાટણના પટોળા ને જેતપુરની બાંધણી લેવી છે અને જો તમે કામ ન કર્યું તો ત્રણેય કામના હથિયારનો છુટ્ટે હાથે ઉપયોગ કરીશ. કપડાં ટાઈમસર નહીં ધોવાય તો ધોકો, વાસણ નહીં ઘસાય તો છુટી થાળી ફેંકીશ ને કચરા પોતાં નહીં થાય તો સાવરણીથી ઝૂડીશ.

ધોકો, થાળી તથા સાવરણી જ્યાં ફેઈલ, ત્યાં વેલણ નાખશે ટહેલ.

કામવાળી બાઈને સાચવવી એક કળા છે. આર્ટ ઓફ લિવિંગ વાળા આ વિષયને વણી લે તો સારું.

જેણે સાચવી કામવાળી બાઈ
તેને સુખે રાખે શિરડી સાંઈ

**ડૉ. રાજેન હાથી**

# અનંતનો પરોણો

*અનંતનો એ પરોણો આસેચનક*
*આવ્યો અચાનક!*
*એવો એ કલ્પનાતીત*
*આવ્યો કઈ રીત!*
*કે કદી ગયો જ નથી!*

*The Infinite a sudden guest*
*Has been assumed to be,*
*But how can that stupendous come*
*Which never went away?*

*- Emily Dickinson*

સ્વભાન જાગૃત થતાં એ પરોણાનું આગમન સમજાય છે - ધીરે ધીરે. જ્યારે સંપુર્ણ સમજાઈ જાય ત્યારે આવો એ આસેચનક એટલે જેમાં મન ચોંટી જાય એવો કમનીય! અને આવ્યા કઈ રીત! અચાનક જ! આ શું થયું? ક્યાંથી આવ્યો? એ પરોણો પરબ્રહ્મ ચતુર્ધા વાણીથી પર હોઈ કલ્પનાતીત કહ્યો. તે આવ્યો કઈ રીતે? એ અનાદિ હાજરાહજૂર જ છે. એમાં આવન-જાવન નથી! જે કદિ ગયો જ નથી તે કઈ રીતે આવે? વાદળથી આચ્છાદિત સૂર્યની જેમ આ તત્ત્વમાં સ્થિતી તે બ્રાહ્મી સ્થિતી છે. તે નિત્ય નિરંતર નિર્વિકાર જેવો છે તેવો જ છે. એ વાદળનું નિરસન થતાં એનું નિત્યનૂતન અસ્તિત્વ સ્પષ્ટ છે. સત્યમ્-શિવમ્-સુંદરમ્! વાદળથી સૂર્યને કંઈ અડચણ નથી. સૂર્યમાં પણ ઉદયાસ્ત નથી! જેમ વાદળ સૂર્યને આવૃત કરે છે, તેમ માયારૂપી વાદળ પરબ્રહ્મને ઢાંકે છે!

એ માયાનું આવરણ જ પરમ તત્વને ઢાંકે છે. વાદળ દૂર થતા જેમ સૂર્ય જેવો છે તેવો દેખાય છે. તેમ માયાનું આવરણ ઉપેક્ષતાં પરમ તત્ત્વ જેવું છે તેવું અનુભવાય છે. અરે, અનુભવ કોણ કરે? તમે પોતે જ એ તત્વરૂપે સ્વયંપ્રકાશિત છો! માયા એટલે જે નથી તે! જે પારમાર્થિક દ્રષ્ટિથી નથી પણમાત્ર ભાસ થાય છે. રણમાં મૃગજળનો ભાસ થાય તેમ. આ માયારૂપી ભાસમાં ફસાઈ શા માટે સ્વ-રૂપ ખોઈ દેવું?

**શ્રી ઉમાકાંત વછરાજાની**

# મુક્તિ

નિશા શાંત થઈ જા, તું આમ રડ્યા કરીશ તો કેમ ચાલશે ? નિરજના આત્માને કેટલું દુઃખ થશે ? નિશાની આસપાસ રહેલ એના આપ્તજનો એને સમજાવી રહ્યાં હતાં. રહી રહીને હીબકાં ભરતી નિશાનું રૂદન છેલ્લા બે દિવસથી થંભવાનું નામ જ નહોતું લેતું.

નિશાના પતિ નિરજનું કેન્સરને કારણે મૃત્યુ થયું હતું. નિરજ વગરની જિંદગી કેમ જીવાશે ? રહીરહીને નિશાને એ જ વિચાર આવતો હતો. એમનું દાંપત્યજીવન હતું પણ સૌને ઈર્ષ્યા આવે એવું. નિરજને તો નિશા વગર જરાય નચાલે.

લગ્નજીવનનો શરૂઆતનો સમય હતો... અચાનક એક દિવસ નિશાનો સખીઓ સાથે નાટક જોવા જવાનો પ્રોગ્રામ બની ગયો. એ તો નિરજ માટે સરસ નાસ્તો બનાવી, એક નાની ચિઠ્ઠી સાથે ટેબલ પર મૂકીને નીકળી ગઈ. એને ઘરે પહોંચતાં ખાસ્સું મોડુ થયું. નિરજ ઓફીસેથી આવી, નિશાને ઘરમાં ન જોતાં મોઢું ચઢાવી- ટી.વી. જોતો બેઠો હતો, નાસ્તો પણ નહોતો ખાધો! આ જોઈ નિશાને પણ થોડો ગુસ્સો આવ્યો. એ પણ ચુપચાપ રહી. થોડીવારે નિરજ જ એની પાસે આવ્યો અને એને આલિંગન આપતાં બોલ્યો. ઘરે આવું ત્યારે નિશારાણી હસતા મુખે સ્વાગત ન કરે તો મારો મૂડ બગડી જાય. બસ ત્યારથી નિશા સાંજ પહેલાં ઘરે પહોંચી જવાય એમ હોય તો જ બહાર જતી. એમ તો નિશાને નવા નવા સ્થળે ફરવા જવાનો, નાના નાના ટ્રેકિંગ પર જવાનો ખૂબ શોખ. નિરજને ઓફિસમાંથી રજા મળવી મુશ્કેલ થતી અને રજા મળે તો ભાઈસાહેબને તો ઘરે રહી આરામ કરવામાં જ રસ! એકવાર તો નિશા પોતાના બહેન-બનેવીના આગ્રહથી નિરજને મૂકી એમની સાથે કાશ્મીરની ટૂર પર જવા પણ તૈયાર થઈ ગઈ હતી. જવાને આગલે દિવસે નિરજનું નિમાણું મોઢું જોઈ એ જઈ જ ન શકી.

જો કે નિરજ આ બધાનું સાટું વાળી તો દેતો. એને પોતાને મૂવીઝ જોવાનો, હૉટેલમાં જમવાનો, મિત્રો સાથે પાર્ટીઓ કરવાનો ખૂબ શોખ અને એટલે એના અને નિશાના વિકએન્ડ તો એવા બધા પ્રોગ્રામથી ભરચક રહેતા.

નિશા લગ્ન પહેલાં સંગીતના નાના નાના પ્રોગ્રામોમાં ગાવા પણ જતી. હવે એ પોતાનો શોખ બપોરના એક મ્યુઝિક ટીચરને ઘરે બોલાવી રિયાઝ કરી પૂરો કરી લેતી. એની જિંદગી હવે સંપૂર્ણપણે નિરજમય બની ગયી હતી. એ પણ એટલી હદે કે ખાવાપીવામાં પણ એ નિરજની પસંદને જ પ્રાધાન્ય આપતી. પોતાની પસંદ તો એ વીસરી જ ચૂકી હતી અને એટલે જ પોતાને ખૂબ ભાવતું પણ નિરજને અપ્રિય એવું રીંગણાંનું શાક તો એના ઘરમાં બનતું જ નહીં. એને પોતાને પણ આવું કરવામાં સુખ અને શાંતિ મળતા અને આ જ તો એની માતાની અને સમાજની શીખ અને સંસ્કાર હતા.

હસતાં રમતાં હજી તો બંને માંડ ઉમરના પાંચમા દાયકે પહોંચ્યાં ત્યાં આમ સાવ અચાનક નિરજે એનો સાથ છોડી દીધો. નિશાનું આખું અસ્તિત્વ હચમચી ગયું. એનું રૂદન શમવાનું નામ જ નહોતું લેતું, ત્યાં કોઈ બોલ્યું, નિશા, નિરજના આત્માની મુક્તિ માટે પણ તારે રડવાનું બંધ કરવુ જોઈએ. આ શબ્દોની એના પર જાદુઈ અસર થઈ, એ થોડી શાંત પડી. નિશાને લાગ્યું એના શરીર મનનો વિષાદ એના આત્મા સુધી પહોંચી ગયો છે. એણે સૌને કહ્યું, હું થોડીવાર મારા રૂમમાં એકલી આરામ કરવા માંગુ છું.

રૂમમાં પ્રવેશી એની નજર બારી પાસે રહેલી રોકિંગ ચેર પર પડી. આ ચેર નિરજને અતિપ્રિય હતી, પોતાના સિવાય કોઈ એના પર બેસે એ એને પસંદ પણ નહોતું. નિશા અવશપણે એના પર બેસી પડી. એ શૂન્યચિત્તે બારી બહાર તાકી રહી. ઘરની બહારનાં મેદાનમાં નાનાં નાનાં છોકરાં રમી રહ્યાં હતાં. ક્યાંક દૂર-દૂરથી કોઈ ગીતના સૂર સંભળાઈ રહ્યાં હતા. થોડી સ્ત્રીઓ ટોળે વળી વાત કરી રહી હતી. પણ આમાનું કશું જ એને સ્પર્શતું નહોતું. એણે પીડાથી પાછળ માથું ઢાળી દીધું.

થોડે દૂર ઊભેલાં વૃક્ષો પર નવી લીલી લીલી કૂંપળો ફૂટી રહી હતી. બારીમાં ઝૂકેલી ડાળી પર લાગેલ મંજરીમાંથી ચળાઈને આવતાં પવનની મીઠી મીઠી સુગંધ આવતી હતી. આકાશમાં રૂના ઢગલા જેવાં વાદળો દોડાદોડી કરી રહ્યાં હતાં. એને લાગ્યું આ રંગ-સુગંધ અને ગતિમાંથી કોઈ અકળ-અજાણ્યું તત્વ એની અંદર પ્રવેશી એના આત્માને ઝંઝોડી રહ્યું છે! એણે ડરથી આંખ બંધ કરી લીધી. અને એણે અનુભવી પોતાના શરીર, મન અને આત્મામાં વાદળની હળવાશ..

એ હળવાશમાં તરતાં તરતાં એણે જોયાં આવનારાં અનેક વર્ષો જે એના જીવનનાં હતાં. આ વર્ષો એનાં અને ફક્ત એનાં પોતાનાં હતાં. આ અનાગત વર્ષો વીનવી વીનવીને જાણે એને કહેતાં હતાં:

મુક્તિ-મુક્તિ વીતી ગયેલ ક્ષણોથી મુક્તિ
વીતી ગયેલ જિંદગીથી મક્તિ...

એને રૂમમાં ગયે ખાસ્સી વાર થઈ હતી એટલે બહાર રહેલાં ચિંતાતુર સ્વજનો દરવાજો ખખડાવતા હતાં. એણે ધીમે રહી દરવાજો ખોલ્યો. એને શાંત-સંયત જોઈ થોડીવારે એની બહેને પુછ્યું, નિશા બે દિવસથી તે કાંઈ નથી ખાધું. કંઈક ખાઈ લે તો સારું -શું બનાવું તારા માટે ?

નિશાનો જવાબ હતો... રોટલી અને રીંગણાંનું શાક..

**શ્રીમતી દીના વછરાજાની**

# બે દીકરીની મા હું મહારાણી

મા, આજે તમારો શું પ્રોગ્રામ છે ? આવો ફોન મારે અવારનવાર આવ્યો જ હોય. ફોન પર કાં તો સ્નેહા હોય અને કાં તો મોહા અમારે બે સંતાનો. બન્ને કન્યારત્નો.બે પેઢીથી દીકરી નહીં એટલે પહેલી પુત્રી સ્નેહાનો જન્મ થતાં ઘરમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો.જન્મ થતાવેંત કેવી દેખાય છે ? કોના જેવી લાગે છે ? નાક કોના જેવું ? કપાળ કોના જેવું ? મોંફાડ કોના જેવી ? આવા અસંખ્ય પ્રશ્નોની રમૂજ અમે પતિ-પત્નીએ માણી. સ્નેહાનું બાળપણ ઝડપથી વીતતું ગયું. કાલા કાલા બોલ, ગઠીલું શરીર, મોટી–મોટી આંખો અને વાંકડિયા વાળ. એમાં વળી ઘરમાં પહેલું બાળક એટલે અછોઅછોવાનાં થાય. એના રડવાનો અવાજ આવે એટલે મારું અને મારા સાસુજીનું આવી બને. વડીલનો ઠપકો અમે બન્ને સાંભળીએ. ઘરમાં બબ્બે બૈરાઓ, શું કામનાં ? એક છોકરું નથી સાચવી શકતાં ? ખેર, દિવસો વીતતા ગયા અને સ્નેહાને કંપની આપવા અમારે ત્યાં બીજું રમકડું, બીજી પુત્રીરૂપે આવી પહોંચ્યું.

સાસુજીને ત્રણ દીકરા એટલે વહુએ સાટું વાળ્યું ! હશે બેટા, ભગવાન તારી સામું જોશે (ત્રીજી વાર!) હજી તો તું બહુ નાની છો! ઈત્યાદી વસવસો દર્શાવતાં વાક્યો સાંભળ્યાં, પણ અમે અમારી બીજી પુત્રી મોહાને સ્નેહા જેટલા જ હર્ષથી આવકારી અને ઉછેરી. દીકરીઓ રોજ મોટી થતી હોય એવું મને લાગ્યા કરે. બન્ને વચ્ચે ત્રણ વર્ષનો ફરક પણ સખીપણું વધારે. સ્વભાવ જાણે ઉત્તર દક્ષિણ. સ્નેહા ઘરમાં છે કે નહીં એ ખબર ન પડે અને મોહા જાણે વંટોળિયો. વરસો પાણીના રેલાની જેમ વીતતાં ગયાં. શાળા અને કોલેજનો અભ્યાસ પણ પૂરો થયો. બન્ને પોતપોતાનાં ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ લઈ પોતાની પસંદગી પ્રમાણેના કેડીએ ડગ માંડતાં થઈ ગયાં. અમે પણ પ્રૌઢાવસ્થામાં પ્રવેશી ચૂક્યાં.

મારા પતિને પોતાનો વ્યવસાય એટલે કામકાજમાં રત. હું ઘરકામ, વાંચન તથા સંગીતના વર્ગમાં ગળાડૂબ ઈશકૃપાથી શારીરીક કોઈ તકલીફ નહીં. બન્ને દીકરીઓ મુંબઈમાં જ સ્થાયી થયેલી એટલે આવજા કરતી હોય. આમ અમે એકલતા ક્યારેય નથી અનુભવી. ક્યારેક એકાંત હોય, પણ એય મને ગમે ખરું. ઘણી વાર આપણને પોતાને માટે સમય ફાળવ્યો હોય તો ગમે. અમારે જૂજ મિત્રો એટલે દીકરીઓની રાહ વધુ જોઈએ અને સદૈવ સાથી એવો ટેલિફોન તો હોય જ. આમ સમયની રેતી સરતી ગઈ અને ઈતહિાસનું પુનરાવર્તન, એમ સ્નેહાને ત્યાં પુત્રી અને મોહાને ત્યાં પુત્રનું આગમન થયું. પાછું અમારું ઘર કિલ્લોલતું થઈ ગયું. અલબત્ત ક્યારેક, કારણકે દીકરીઓ સાસરે હોય. કામકાજમાંથી કામચલાઉ નિવૃત્તિ લઈ વળી બન્ને બહેનો કામે જોડાઈ ગઈ. હવે બન્નેનાં બાળકોની જવાબદારી કદીક મારે શિરે આવે, ત્યારે મેં આગળ લખ્યું છે તેવો ફોન આવે.

હું મારી અનુકૂળતા પ્રમાણે સમય જણાવું. છોકરાઓ આવે, રમે,જમે, સૂએ, લડે અને રાત પડે પાછાં પોતપોતાના માળામાં બે વર્ષે બન્નેને ત્યાં એક-એક સંતાનનો વધારો થયો એટલે મારે ત્યાં જવાબદારીમાં ગુણાકાર થયો. અઠવાડિયામાં બેક દિવસે મારે ત્યાં રમખાણ! અડોશ-પડોશ જાણી જાય કે આજે પંકજભાઈ અને સુધાબહેન વાનરસેના લઈને બહાર જશે, ગાર્ડનમાં જશે, વાંદરાને ખેલ કરવા બોલાવશે, કમ્પાઉન્ડમાં બૉલથી રમશે અને રાત્રે આવજો-આવજોની બૂમો ! અમારા પડોશીઓ સાચું જ જાણે છે, દિવસ ક્યાં પૂરો થઈ જાય એની ખબર પણ ન રહે.

દિવસ આખો મજા જ મજા.

જાતજાતના અવાજ, હસવાના, રડવાના ચીસો પાડવાના. રમકડાં વેરણછેરણ છતાંય આનંદ આવે. સાથે સાથે વિચાર પણ આવે કે આ દિવસોય બહુ જલદી ચાલ્યા જશે.

છોકરાં મોટાં થઈ જશે ત્યારે કોની સાથે બૉલ, કૅરમ, પાનાં, સાપસીડી વગેરે રમતો રમીશ ? કોને હીંચકે ગીતો ગાઈને સુવાડીશું ? ખેર, રાત્રે સહુ જાય ત્યારે પાછાં અમે બન્ને made for each other એકલાં, હીંચકે ઝૂલતાં, નીરવ શાંતિમાં દિવસ આખાનું સરવૈયું કાઢીએ. દોહિત્રો-દોહિત્રીઓને જોઈને દીકરીઓનાં બાળપણને સંભારીએ.

આને પરદેશીઓ બેબી સીટિંગ કહે છે. ત્યાં દાદા-દાદી કે નાના-નાની પાસેથી આવી આશા રાખવી વ્યર્થ છે.  કદાચ અપવાદરૂપ કોઈક હશે પણ આપણાં જેવુ નહીં. આપણે નાના હોઈએ ત્યારે બાળકની પાછળ તેના જન્મથી માંડીને લગ્ન સુધીની જવાબદારીઓ નિભાવવા પાછળ વ્યસ્ત હોઈએ છીએ. જ્યારે આપણને દાદા- દાદી કે નાના-નાની ની પદવી મળે ત્યારે મેં અનુભવ્યું છે કે આપણાં સંતાનોની પ્રતિકૃતિ સમાં તેમનાં બાળકોને આપણે ઊછરતાં અને ઊભરતાં જોઈએ છીએ. આજે પ્રૌઢાવસ્થામાં મારી હૉબીસ ગણાવું તો વાંચન, સંગીત અને બેબી સીટિંગ ક્રમ પ્રમાણે આવે હા, ક્યારેક જરૂરિયાત મુજબ અગ્રતાક્રમ આપવી પડે અને એમાં અન્ય કાર્યક્રમ રદ કરવો પડે કે પાછો ઠેલવો પડે પણ એમાં વાંધો નહીં, કારણકે હું મને જ મારી દોહિત્રીઓમાં જોઉ છું.

હજી ગઈકાલે જ અમારા એક સ્નેહી મારી મશ્કરી કરતા કરતા પૂછતાં હતા, કેમ ચાલે છે. તમારું બેબી સીટિંગ ? મે કહ્યું એવું સરસ કે હવે તો બાળમંદિર ચલાવી શકું તેમ છું! જવાબમાં એમણે મને ટુચકો કહ્યો કે એક દીકરીની માને રાણી કહેવાય, એક દીકરી અને એક દીકરો હોય તેવી માને પટરાણી કહેવાય, બે દીકરાની માને નોકરાણી કહેવાય, મેં હસતાં હસતાં પૂછ્યું કે બે દીકરીની માને શું કહેવાય ? તો કહે મહારાણી !

એક દીકરાની માને શું કહેવાય એ સહુ પોત-પોતાની રીતે શોધી કાઢો !

**શ્રીમતી સુલેખા બક્ષી**

## એક કવિતા પૂરી કરું છું કે

હું જેવી એક કવિતા પૂરી કરું છું કે તે આખો આકાર લઈ
ઊભી થઈ જાય કાગળ ઉપરથી.
સ્વપ્નપરીની વાત કરું છું તો તેનું આકર્ષક રૂપ લઈ
મોહક અદાથી ચાલવા માંડે છે મારી સામે આંખોથી ઈશારા કરતી.
મશ્કરા શબ્દોની વાત કરું છું તો પાંચ સાતની ટોળી ઊભી થઈ
મારી સામે મશ્કરી અને ટીખળ કરવા માંડે છે ને પછી બધા જ નીકળી પડે છે
વિશાળ દુનિયામાં એક દિવસ મેં રાક્ષસની વાત કરી
કવિતામાં ને તે ધીમે ધીમે આકાર લેવા માંડ્યો.
એટલો બધો ભયાનક ચીતર્યો હતો કે મને થયું
જેવી હું તેને પૂર્ણ કરીશ કે કૂદી પડશે મારા ઉપર જ.
હવે હું ગભરાઈ, શું રસ્તો છે એનાથી બચવાનો ?
ને મેં છેલ્લી પંક્તિ લખી જ નહીં, પૂરી જ ન કરી કવિતા.
રાક્ષસ બિચારો હજી ઊભો છે કાગળ સાથે પગ જકડાયેલો છેલ્લી પંક્તિની રાહ જોતો.

## આપણું આકાશ

એક દિવસ દરિયાની જોરદાર છાલકથી આકાશ લદબદ થઈ ગયું.
ભીના થયેલા આકાશમાંથ કાચો ભૂરો રંગ ટપકવા માંડ્યો ખૂણામાંથી.
એટલામાં તો આછો ભૂરો થઈ ગયો આકાશનો રંગ.
ને ભૂરાં ટીપાં તો હજી પડતાં હતાં ટપ ટપ.
થોડીવારમાં તો આખું આકાશ સફેદ થઈ ગયું.
લોકો અત્યંત ગભરાઈ ગયા ને મચી ગઈ ભાગદોડ.
અંધાધૂંધી રોકવા જવાબદાર માણસોએ ફટાફટ કોન્ટ્રેક્ટ સાથે ને
તરત જ આકાશ વાદળી રંગથી રંગાઈ ગયું. બધાને હાશ થઈ.
પણ થોડા કલાકે આકાશ કેસરી અને પીળા રંગથી રંગાવા માંડ્યું લોકો વિચારમાં પડ્યા.
ને વળી થોડા કલાકે આકાશ કાળા રંગથી રંગાઈ ગયું.
તપાસ કરાવાઈ. ને ખબર પડી કે ધમાલમાં ને ધમાલમાં
ત્રણ પેન્ટરોને કોન્ટ્રેક્ટ અપાઈ ગયો હતો મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ સારું છે
આ પેન્ટરો સમજૂતીથી વારાફરતી પોતાની ફરજ અદા કરે છે.
જો સમજૂતી ન હોત તો કાબરચીતરું હોત આપણું આકાશ.

**સંસ્કૃતિરાણી દેસાઈ**

# કોમી એખલાસ - એક મીઠી યાદ

આજે જ્યારે હિન્દુ મુસ્લિમ એકતાના નામે જે રાજનીતિ ખેલાઈ રહી છે તેના અનુસન્ધાનમાં કોમી એખલાસની આ વાત મહત્વની બની રહેછે. અને કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડે છે. વાત ૧૯૩૦ ની છે જ્યારે નવાબ શ્રી તાલેમોહમ્મદખાનજી પાલનપુરના નવાબ હતા. પાલનપુર હિન્દુ સમાજના અગ્રણીઓ તે સમયે નગરના આગેવાનોમાં હતા. એ સહુને ભાવના થઈ કે આજે જે અંબાજી માતાનું મંદિર છે તેમાં સમાજ તરફથી સહસ્ત્રચંડી યજ્ઞ કરાવીએ. તે વખતે બ્રિટિશ તંત્ર ચાલુ હતું. પાલનપુરમાં એજંસીનું મથક હતું તેમાં ગોરા પોલિટિકલ એજન્ટ વડા હતા. તે સમયે રાવસાહેબ છોટાલાલ રાજારામ માંકડ અને રાવસાહેબ છગનલાલ મુગટરામ માંકડ પોલિટિકલ એજન્ટ હતા. બન્નેને સમિતિ પર લીધા. પ્રમુખ બનાવ્યા. બન્ને ધાર્મિક ભાવના અને સંસ્કારથી સમૃદ્ધ હતા. સમિતિએ સિદ્ધપુર, સૌરાષ્ટ્ર, કાશીથી વિદ્ધાન બ્રાહ્મણોની વરણી કરીયર્સનું મહાકાર્ય શરૂ થયું.

એક દિવસે એક વિદ્ધાને કહ્યું કે પ્રજા જે ધર્મ કે પુણ્ય કાર્ય કરે તેનો છઠ્ઠો ભાગ રાજને અર્પણ કરવો તેમ શાસ્ત્રમાં કહ્યું છે. અહીં રાજા ઉપસ્થિત છે તો તેમને રૂબરૂ બોલાવીએ. જવાબ મળ્યો કે અહીંના રાજા ઈસ્લામધર્મી છે વિદ્ધાને જવાબ આપ્યો કે સનાતન ધર્મમાં રાજા દેવનો અવતાર છે. તે સર્વ ધર્મથી પર છે. નવાબસાહેબને નિમંત્રણ આપવાનું નક્કી થયું અને પ્રતિનિધિમંડળે નવાબનો સંપર્ક કર્યો અને કહ્યું. અમારા સહસ્ત્રચંડી યજ્ઞની પૂર્ણાહુતિ આપશ્રીના શુભ હસ્તે કરવા આપ પોતે પધારો. જે બીડું હોમાય તે આપના પુનિત હસ્તે હોમાય તેવી સહુની ભાવના છે.

નવાબસાહેબ આશ્ચર્યચકિત થઈ બોલી ઊઠ્યા કે મૈ તો ઈસ્લામધર્મી હૂં ઔર આપકા તો યહ ધાર્મિક કાર્ય હૈ. આગેવાનોએ ખુલાસો કર્યો કે અમારા ધર્મ પ્રમાણે રાજા દેવનો અવતાર છે ને ધર્મથી પર છે. માટે અવશ્ય પધારો. તો મૈં કિસ તરહસે આઉં ?

તો જવાબ મળ્યોં આપ જે ચોકસાઈથી નમાજ પઢવા પધારો છો તેવી શુદ્ધિથી પધારો.

નવાબસાહેબ ખૂબ પ્રસન્ન થયા.

હવનાષ્ટમીને દિવસે સાંજે પાંચ વાગ્યે તેમના યુવરાજ, ભાણેજ, પ્રધાનમંડળ ને અમલદારો સાથે પ્રજાજનોના ને ભાવિકોના વિશાળ સમુદાય વચ્ચે આવ્યા, દરવાજા પાસે બેઠા, બૂટ મોજાં કાઢ્યાં, હાથપગ ધોયા ને નિજ મંદિરમાં પ્રવેશ્યા. માતાજીને

ભાવપૂર્વક નમન કર્યું. પાંચ ગીની શ્રી દેવીની ચરણે મૂકી. ભત્રીજા પાસે પણ એક-એક ગીની મૂકાવી. તેઓ પણ પગે લાગ્યા. પછી બહાર આવી જ્યાંથી બીડું હોમાય ત્યાં આસન લીધું. શક્રાદય સ્તુતિ ચાલી ત્યાં સુધી હાથમાં બીડાંનો દંડ હાથમાં રાખી ઊભા રહ્યા અને સ્તુતિ પૂરી થતાં બીડું તેમના હસ્તે હોમાયું. આવી અભૂતપૂર્વક ઘટના ક્યાંય નહીં બની હોય.

આવી જ એક બીજી ઘટના

પાલનપુરના બહેસ્તનશીન નવાબ શ્રી શેરમોમ્મદખાનજીના શાસનકાળ દરમ્યાન પૂજ્ય મહાત્માજીના સ્નેહી અને ચુસ્ત વૈષ્ણવ શ્રી રણછોડભાઈ પટવારી, રાજ્યના વજીર હતા. જૈન સમાજની પણ સંસ્કૃતિ આગેવાનથી તપતી હતી તે સમયની આ ઘટના છે.

ચુસ્ત હિન્દુ મુસલમાનના હાથે પાણી ન પીએ પણ તેને અડીને કે તે જાજમ પર બેઠેલ હોય તો તે જાજમ પર બેસીને કે ઊભીને પાણી પણ ન પીએ. ધર્મચુસ્તતાના આવા ખ્યાલો હતા. શ્રી રણછોડ ભાઈચુસ્ત વૈષ્ણવ. તેમનું પીવાનું પાણી પણ તેમના ઘેરથી આવે. શેત્રંજી પર નવાબસાહેબ, અમીરો દરબારીઓ, દરેક કોમના માણસો બેઠા હોય. પાણી આવે ત્યારે શેત્રંજી પરથી ઊતરી પટવારીજી પાણી પીએ. નવાબસાહેબને કે બીજા કોઈ મુસ્લિમ બિરાદરોને તેમાં માઠું ન લાગે. સહુ પોતપોતાનો ધર્મ પાળે તે રીતે આ વાત સ્વાભાવિક ગણવામાં આવતી.

આવું દરરોજ ચાલે. એક દિવસ નવાબસાહેબ પટવારીજી સાથે રોજિન્દા નિયમ પ્રમાણે શેત્રંજી ઉપર બેઠા હતા ત્યાં તેમનો માણસ પાણી લઈને આવ્યો. પટવારીજી ઊભા થઈ ગયા ત્યાં નવાબસાહેબ પોતે ઊભા હતા ત્યાં તેમનો માણસ પાણી લઈને આવ્યો. આજ તો મૈં જાજમ પરસે ઉતર જાઉં કહેતાંક તે ઊતરીને ઊભા થયા. એમાં તેમણે પોતાની મોટાઈ કે ધર્મનું અપમાન લાગવાને બદલે, બીજાઓના ધર્મને તેમજ પોતાના તાબેદાર હોય તેવાઓની ધર્મભાવનાને સન્માનવાની પોતાની પણ ફરજ હતી તેનો દાખલો બેસાડ્યો. પટવારીજી વંદન કરી રહ્યા. આ વાતને પણ ૭૦-૮૦ વર્ષ થયાં હશે.

(શ્રી વી.ડી. હાથીની સ્મૃતિ ગાથા ગૌરવનું ગુરુશિખરમાં થી)

**સંકલન : શ્રી જયંત હાથી**

## નાગર કૂવાનું પાણીયારું

બા, પાણી પીવુ છે (હાંફતાં હાંફતાં)

ઊભો રહે, ગંદા પગે પાણિયારામાં નથ જવાનું

હાથ-પગ ધો

(જેમ તેમ અને જલદીથી હાથ પગ ચોકમાં ધોવાય છે)

બરાબર ધો, અને લોટો ભરીને મૂક હવે પીઉં? હા, જો ભોટવામાંથી પીજે, નમાવીને લેજે, ઢોળાય નહીં પવાલું અંદર ના બોળીશ. પીધું? કેટલીવાર? આવું છું. (અંતરાશ જાય છે) શું કરતો તો આટલીવાર ? (જવાબ નહીં) બા, પાણિયારાની અભરાઈ ઉપર શું છે? કશું નથી, ત્યાં ચઢ્યોં તો ? મેર તું, ભોટવો ઢાંક્યો ? હા. (અને પછી ખડકી સુધી દોડતો પહોંચેલો) શી શ.. ઊભો રહે, પાછો હવે ક્યાં જાય છે? બિલ્લા રમવા નથી જવાનું પણ અહીં આપણાં ઘર પાસે જ છીએ (ઇશારાથી બહારના મિત્રોને આવું છું) કોણ કોણ છે ? જયદેવ, શાંતિ ખચો, મહેન્દ્ર પેલા મંદિર પાસેના ખચકામાંથી આવે છે તે (બિલ્લા ખખડાવતાં જવાબ આપે છે) અરે, કુદીનો છોકરો - તે ઠેઠ અહીં રમવા આવે છે? જઊઊઊ... ઉં છું (બીજા કોઈ પ્રતિભાવ વગર) એ ઊભો રહે, અહીં આવ, પેલા પવાલામાંથી એક પાન લાવ (હીંચકાનો ઠેકો મારતાં હુકમ આવે છે) (દોડતો દોડતો પાણિયારે પાન લેવા જાય છે) ત્યાંથી નઈઈઈ. આ - નહાવાની ઓરડીની બહાર કાળા પવાલામાંથી પીળું પાન લાવજે, જો એક અડધું પાન હશે તે લાવ. આ? હા, (પાન આપીને બીજી ફલાંગે બિલ્લા ખખડાવતા બહાર)

એને બિલ્લા લખોટી સિવાય કશું સૂઝતું જ નથી. આટલા તડકામાં મુઆઓને થાકેય લાગતો નથી. પછી સાંજે બ્રહ્મપોળે સૂઈ જશે. કાલે ભીખુને કહીને એક નાનો ભોટવો બહાર ભરીને રાખીશું જેટલું પીવું હોય એટલું પીએ એટલે પાણિયારામાં તો ના જાય.

બીજે દિવસે નાનો ભોટવો પાણી ભરીને નાવાની ઓરડીની બહાર ઓસરીમાં મુકાયેલો હોય.

હમણાં જ પાણી ભર્યું ને, ખાલી થઈ ગયું ? થોડી થોડી વારે તરસ્યાં થઈ જાય છે. ઊભો રહે, ભરી આપું છું.

પણ એ પહેલાં નલિનીએ પાણિયારામાં ભોટવો ભરવા માંડ્યો હોય. લે જો ઢોળાય નહીં હો. ઉપરની રોજીંદી ઘટનાઓ ઉનાળા વેકેશનમાં નાગર કૂવાના મારા / અમારા મોસાળની હતી. તેમાં આજેય કેટલીક વણઉકલેલી જિજ્ઞાસા છે. દા.ત. પાણિયારાની ખાસ સંભાળ, પરસાળની પાછળનો ઓરડો, ચોકામાં આવેલું ભીંતમાં જડેલું કબાટ, ખડકીની મેડીમાં આવેલાં કબાટો, વચલી મેડી ઉપરનું કાતરિયું, વિ.વિ. આ બધામાં મને ગમતું અને આજે ય તાદ્રશ થતું પાણિયારું માનવંતું સ્થાન ધરાવે છે. આજે વર્ષો સુધી ગામેગામ અને દેશ પરદેશનાં જાત જાતનાં પાણી પીધા પછી,. વિચાર કરતાં થાય છે કે નાગર કૂવાનું પાણિયારું માત્ર પાણી પીવાની જગ્યા ન હતી. એમાં માત્ર પાણી (H2O) ન હોતું. જળ ઉપરાંત ત્યાં વરુણ તત્વપણ હતું અને સતત્ જળવાઈ રહેતું તું. એ ૪ X ૬ ની ઓરડીમાં જગતની કોઈપણ એ.સી. સગવડવાળી રૂમ કરતાં મનભાવન શીતળતા કાયમ રહેતી. એમાં ગોઠાવાયેલા મુખ્ય બે લાલ માટલાં અને એક કાળું માટલું વરુણ દેવનું સ્થાપન હોય એમ લાગે. બાજુનો નાનો ભોટવો ઉનાળા દરમ્યાન ખાસ વપરાતો અને એનો કાના વાળો નાનો પ્યાલો જુદો. ડાબી બાજુની દીવાલ પર ડોઘો લટકતો હોય. અને એના થકી જ તમે પાણી પામશો એવી ખુમારી સાથે તમને આવકારતો હોય. પવાલા ચકચકિત, કાના મરડાયા વગરનાં અને એકબીજા સાથે મૈત્રી હોય એમ રણકાર કરતાં. માટલાં ઉપરાંત પિત્તળનાં ચમકદાર ઢાંકણાં જાણે એ જ માટલા માટે ખાસ ઘડાયેલાં હોય એવી સહજતાથી, મુકુટ માફક સ્થિર અને મક્કમ રહેતાં, આખુંય પાણિયારું ચીતરામણવાળા લોટા પવાલાના પક્ષીઓથી ગુંજર કરતું હોય એમ લાગે. આંખોથી સંભળાય એવી એની ભાષા રહેતી. આમ પાણિયારું સુસંવાદિત વાતાવરણ ઘડતું અને આવનારને પણ તરસ છીપ્યા પછી છોડવાનું મન ન થતું. બપોરનાં સમયમાં પાણિયારાનું બારણું તડકાને કારણે અચુક બંધ રખાતું.

ઘરમાં થપ્પાની રમત (ઊંઘમાં ખલેલ પડે એટલે) ની સૈયાં ન તી છતાં પણ કોઈ ભાગ્યશાળી દિવસે તક મળે તોય પાણિયારામાં સંતાવાનું નહીં. કોઈ સંતાય તો દાવ આપવાનો. એટલે રમતમાં પણ ન્યાતના મહાજનની જેમ પાણિયારાની પવિત્રતા અને માન જળવાતાં.

મોસાળના ઘરના એ પાણિયારાની બહાર પાણીનું ટાંકુ. સૈકાઓ સુધી જાણે

કાળની અસર થવાની ના હોય એમ વિશ્વાસ સાથે એ કાયમ ગર્ભસ્થ રહેતું અને કિશોરો માટે રહસ્યમય પણ રહેતું. આટલાં વર્ષોમાં એક વખત સ્વ. મુ. બાની ગેરહાજરી દરમ્યાન અને મામીની મહેરબાનીથી મને એક વખત ડોકિયું કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. નીચે પાણીનો સ્વચ્છ અને હસતો ભંડાર જોઈને તે વખતે અચરજ થયું તું. મારું જ પ્રતિબિંબ સ્થિર પાણીમાં દેખાતાં અને આ તો હું છું!! એ આશ્ચર્ય થતું અને હું જાણે પાણીમાં ડુબકી મારતો હોઉં એમ લાગતું.

આજે એ દૃશ્ય તાજું કરતાં ટાંકુ બાંધનાર અને બંધાવનારની સૂઝ નો આદર કરું છું. વધુ વિચારતાં લાગે કે એ પાણીનું પુણ્ય સત્વ હાલ પણ પાણી પીનારાઓમાં તપે છે. આજે પણ એ ટાંકાના પાણીના ચેતનાસભર ઓડકાર આવે ત્યારે એ જ પાણિયારાની શીતળતાનું લખલખું ક્ષણભર તો અનુભવાય.

અક્ષય પાત્ર જેવું ટાંકુ કાયમ શાંતિ સમાધિમાં હોય એવી કલ્પના કરતાં રોમાંચ થાય છે. આકાશમાંથી આકાશ તત્ત્વ સાથે ઝીલાયેલું અને પૃથ્વી તત્વમાં સંગ્રહાયેલું એ જળ તત્વ પેટનાં અગ્નિતત્વને પ્રજ્વલે એ બહું જ સહજ છે.

આવા જીવનાધાર પાણી ને રાખવા સાચવવા પામવા અને સમરાધાન કરવા અંદરથી અને બહારથી ચોખ્ખું પાણિયારું હોવું એ અનિવાર્ય છે અને એ માટે મુ.સ્વ. બા ની સતત્ કાળજી અને તકેદારી જ શક્ય બનાવે.

એ પાણીથી બનાવેલાં દાળ-ભાત અને ચોપડા યાદ રહી જાય તેવો સ્વાદ આપતા તા. બરફના ચોસલા વગર, ઓસરીમાં બેસીને હાથ વડે લીંબુના છેલ્લા ટીપા સુધીનો રસ કાઢીને અને લાંબા સમય સુધી ખાંડ ઓગાળતા ઓગાળતા હલાવવાની ક્રિયાથી બનાવેલું લીંબુનું સરબત આજના કરતાં ક્યાંય સ્વાદિષ્ટ લાગતું (પણ વધારે મંગાય નહી કાલે વાત)

આમ, ટાંકુ-પાણિયારું અને રસોડાનો સંવાદ સુસંવાદિત હતો. એક સૂરમાં બધાં વાજીંત્રો વાગતાં.

કોઈપણ જાતના વળગણ કે ભેળસેળ વગરનું અવતરણ પામેલું નર્યું-નીતર્યું એ જળ રોજ લીમડી શેરીના હાટકેશ્વરની તરસ છિપાવતું શ્રી હાટકેશને પણ લાગતું હશે કે

મારા (હાટકેશના) કૈલાસ માનસરોવરથી આવેલાં વાદળાં નાગર કૂવાના ઘર ઉપર નીતર્યા છે એટલે મને આટલી શાંતિ અને સંતોષ થાય છે.

અંતે તો પોતાના ઘરનું (કે સાસરાનાં ઘરનું) પાણીને ! શ્રી હાટકેશને પણ ટેવ પડી હશે આજે હવે શું કરતાં હશે ? થાય છે કે એકાદ દિવસ ખાસ એને માટે પેટલાદ જઈને કાવડીઆની માફક બદલાયેલા માલિકની પરવાનગી લઈને અભિષેક કરી આવું.

એ નાગર કૂવાનાં મોસાળનાં ઘરમાં પૂજાની ઓરડી પછી ચેતનાસભર પાણિયારાની જગા આવે. આજે તો હવે એ ઘર રહ્યું નથી. શ્રી અરવિંદ વિદ્યાલયમાં ફેરવાયું છે. પરંતુ ભૂતકાળનું ચિંતન કરતાં તે સમયની મહેંક તરબતર કરે છે, ત્યારે ફરી પાછા બિલ્લા ખખડાવતાં, ભોટવાનું પાણી પીવાની તરસ લાગે છે અને પશુ પક્ષીના ચીતરામણવાળો પ્યાલો હાથમાં પકડી એ ૪ X ૬ ની ઓરડીમાં ભલે દાવ આપવો પડે છતાંય સંતાવાનું મન થાય છે.

એ પાણિયારાનો અનુભવ લેનારને આ કણિકા ગમશે અને અનુભવ ન મેળવી શકનારને વર્તમાનમાં તેની આછેરી ઝલક મળશે એ આશા સાથે.

**શ્રી પરાશર સુ. દ્વિવેદી**

## CHANGING REALITY

Stress is a common phenomena of our modern life. Have you ever wondered what makes you stressful?

Broadly speaking we have 3 aspects in our life: People, situation & object. Now all these 3 are constantly changing. Do you see that? Only one thing that is constant in our life is change.

When we are undergoing changes & not able to accept it creates stress & disturbances. Right ?

So how do you deal with it?

Knowing that-

Beyond an event is Knowledge.

Beyond a person is love.

Beyond an object is infinity.

Knowledge is not in an event; it is beyond an event.

If you take one event and infer anything from one event -- infer knowledge -- it will be erroneous knowledge. Say Mohan gets angry and shouts at someone. You attribute anger to Mohan, but actually it was carried from someone else to him. Someone else got angry first and someone else and someone else and on and on like that.

When you go beyond an event, only then the truth dawns. One particular event gives you a false notion. So you have to consider the totality of events, the totality of all events infinitely. Beyond the event is Knowledge. Do you see that?

What do we call a person? A person is a body, a mind, a complex

of behaviours which is changing. Love is unchanging. Beyond the person is love.

Anger, Jealousy, Hatred, Fear is all distorted form of love. Say for e.g. you are jealous if your husband/wife is looking at somebody because you love him/her.

When you lose your personality, you become love. If you cannot lose yourself, you cannot find yourself. Love is not your emotion its your very existence. So, lose your personality; you'll find yourself!!!

Behind every object is infinity. An object is limited. Take an object and reduce, reduce, reduce, and you have an atom. An atom is infinity. Each atom contains infinite space. Beyond the object is infinity.

Maya is getting caught up in the event, personality, object. Knowledge, love, Brahman is seeing beyond the event, personality, or object. See? Just a little shift in your Perception, Observation & Expression can make a big difference in your life.

**Shri Darshak Hathi**

## સાક્ષરનો સાક્ષાત્કાર

વર્ષ ૧૮૫૫ તારીખ ૨૦ મી ઓક્ટોબર-વિજયા દસમીનો શુભ દિવસ આ દિવસે નડિયાદના વડનગરા નાગર શ્રીમાન માધવરામ અને શ્રીમતી શિવકાશી ત્રિપાઠીના ઘરે આનંદોત્સવ હતો. એ જ દિવસે ગુજરાતી સાહિત્યના તેજસ્વી તારલા શ્રીમાન ગોવર્ધનરામનો જન્મ થયો હતો. સાક્ષર ભૂમિ નડિયાદ હવે થોડાં જ વર્ષોમાં સદાકાળ પ્રસિદ્ધ થવાનું હતું આ જ ગોવર્ધનરામ થકી.

સુંદર મુખાકૃતિ ધરાવતા ગોવર્ધનરામના જન્મનાં તેર વર્ષ બાદ તેમના નાના ભાઈ નરહરિરામ ત્રિપાઠીનો જન્મ થયો થોડાંક વર્ષો અગાઉ જ આટોપી લેવામાં આવેલી પ્રિન્સેસ સ્ટ્રીટ ખાતેની પ્રકાશન કંપની એન.એમ. ત્રિપાઠી એમની માલિકીની હતી). ગોવર્ધનરામના ૧૮૭૪માં હરિલક્ષ્મી સાથે લગ્ન થયાં હતાં. પરંતુ રાધા નામની બાળકીને જન્મ આપી તે સુવાવડમાં જ મૃત્યુ પામ્યાં હતાં.

લગ્ન બાદ ગોવર્ધનરામ મુંબઈ આવ્યા અને એલ્ફિસ્ટન સ્કૂલમાં પ્રવેશ લીધો. સોળ વર્ષે તેઓ મેટ્રિક પાસ થયા. પહેલીવારની બી.એ.ની પરીક્ષામાં નાપાસ થયા બાદ બીજા પ્રયત્ને તેઓ બી.એ. પાસ થઈ ગયા.

તેમના લેખનકાર્યની શરૂઆત તો અભ્યાસકાળ દરમ્યાન જ થઈ ગઈ હતી. આ ઉંમરે એમણે ત્રણ સંકલ્પ કરી લીધા હતા:-

૧) એલએલબી ની પરીક્ષામાં પાસ થવું.

૨) મુંબઈમાં વકીલાત કરવી, કદી નોકરી કરવી નહીં.

૩) ૪૦મા વર્ષે ધંધા-વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈ શેષ જીવન સાહિત્ય લેખનમાં વ્યતીત કરવું. ઈ.સ. ૧૮૭૬માં લલિતાગૌરી સાથે તેમનું બીજું લગ્ન થયું. ૧૮૭૯માં ગોવર્ધનરામે ભાવનગર રાજ્યની દીવાન શામળદાસ ના પર્સનલ સેક્રેટરી તરીકેની નોકરી લીધી. ૧૮૮૩માં વકીલાતની પરીક્ષા પાસ કરી-પોતે કરેલા સંકલ્પ મુજબ નોકરી નહીં કરવાની નેમ સાથે ભાવનગર રાજ્યની નોકરી છોડી ૧૮૮૪માં વકીલાત શરૂ કરી હતી.

૧૮૮૫ નું વર્ષ ગુજરાતી સાહિત્ય માટે સીમાચિહ્ન છે. આ વર્ષે જ ગોવર્ધનરામે મહાનવલ સરસ્વતીચંદ્ર લખવાની શરૂઆત કરી હતી. પ્રથમ ભાગ ૧૮૮૭માં લખાઈને પૂર્ણ થયો હતો. બીજો ભાગ ૧૮૯૨માં, ત્રીજો ૧૮૯૬માં અને ચોથો ભાગ ૧૯૦૦ની ૨૬મી ડિસેમ્બરે લખીને પૂરો કર્યો હતો.

આ મહાનવલનો પ્રથમ ભાગ એટલે મૂળ વાર્તા. જેમાં ગહન વિચારોનું મંથન આલેખવામાં આવ્યું છે. જ્યારે બીજા ભાગમાં સંયુક્ત કુટુંબ વિરુદ્ધ વિભક્ત કુટુંબની સુંદર છબિ છે. ત્રીજા ભાગમાં લેખકે વાસ્તવિકતાની ભૂમિ છોડી એક એવી કાલ્પનિક ભૂમિની કલ્પના કરી છે જ્યાં પરમ સુખ અને સુમેળ હોય. ઘણાના મતે આ ચોથો ભાગ જ સર્વશ્રેષ્ઠ છે જેમાં જીવન વિશેની ગહનતા અને ફિલસૂફીને ખૂબ જ સુંદર રીતે આલેખવામાં આવી છે.

ગુજરાતી સાહિત્યને સરસ્વતીચંદ્ર જેવી મહાનવલ આપી સમૃધ્ધ કરનારા ગો.મા.ત્રિ ૧૯૦૫માં ગુજરાતી સાહિત્યના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. ૧૯૦૨માં મોટી દીકરી લીલાવતીનું મૃત્યુ એમને માટે અસહ્ય હતું એમણે એની યાદમાં લીલાવતી જીવનકલા નામનું પુસ્તક લખ્યું હતું. એમને રમણીયરામ નામે એક પુત્ર પણ હતો.

સરસ્વતીચંદ્ર ઉપરાંત ગો.મા.ત્રિ. એ સ્નેહમુદ્રા, ક્લાસિકલ પોએટ્સ ઓફ ગુજરાત નવલરામનું કવિ જીવન અને દયારામનો અક્ષર દેહ જેવા અન્ય સાહિત્યનું પણ સર્જન કર્યું હતું. એમના સાહિત્ય સર્જનની નોંધ એ જમાનામાં લંડન ટાઈમ્સ જેવા માતબર દૈનિકે પણ કરી હતી. ૧૯૦૭માં ગો.મા.ત્રિ નું અવસાન થયું હતું.

ગુજરાતી સાહિત્યમાં નવો પ્રાણ ફૂંકનાર મહાનવલ સરસ્વતીચંદ્રને ફિલ્મ કચકડે પણ રજૂ કરવામાં આવી છે. ૧૯૬૮માં ગુજરાતી નિર્માતા ગોવિંદ સરૈયા એ સરસ્વતીચંદ્ર નવલકથા પરથી એજ નામની ફિલ્મ પણ બનાવી હતી. જે સુપરહિટ સાબિત થઈ હતી.

ગો.મા.ત્રિ. કે એમના સર્જન વિશે લખવું એટલે જાણે સૂરજને દીવો બતાવવો. આ લેખક ગો.મા.ત્રિને ગુજરાત સરકારે તો બિરદાવ્યા જ છે પરંતુ ગઈ તા. ૨૬ એપ્રિલ ૨૦૧૬ ભારત સરકારના ટપાલ ખાતા તરફથી તેમની યાદમાં ટપાલ ટિકિટ અને ફર્સ્ટ ડે કવર બહાર પાડવામાં આવ્યું જેની દેશભરનાં છાપાંઓએ નોંધ લીધી હતી. દરેકે દરેક સાહિત્યક રસિક જીવ માટે આ દિવસ સોનેરી યાદનો બની રહેશે.

વડનગરા નાગરજ્ઞાતિ ના આ તેજપુંજ માટે ગાંધીજીએ કહ્યું હતું કે, ૫૨ (બાવન) વર્ષના આયુષ્યકાળમાં શરીરની, મનની, કૌટુંબિક અને સાંસારિક વિટંબણાઓનો સામનો કરતાં કરતાં ગુજરાતી ભાષા અને સાહિત્યને બે ડગલાં આગળ લઈ જતી વિરાટ કથા સરસ્વતીચંદ્ર ના ચાર ભાગનું સર્જન ગો.મા.ત્રિ નું સૌથી મોટું પ્રદાન છે.

**શ્રી ભદ્રાયુ વૈષ્ણવ**

**તથા**

**શ્રીમતી સુહાની દીક્ષિત**

## હાટકેશ્વરો જયતુ !

આપણે નાગર હાટકેશ્વરનાં બાળકો માટે પાટોત્સવ અત્યંત પુનિત પર્વ ગણાય. વર્ષોથી આપણે સૌ તેને આગવી રીતે ઉજવતા આવ્યા છીએ અને વર્ષો સુધી આપણે ઉજવતા રહીશું.

આ પર્વ યાદ આવતાં મારે મનની વાત કહેવી છે. આધુનિક વૈજ્ઞાનિક સગવડિયા ઉપકરણોમાં વોટ્સએપ પર વાંચ્યું.

નરસિંહ મહેતાનાં અમે બાળક, અમે નાતે નાગર, લક્ષ્મી થોડી આઘે, પણ શારદાના ચારે હાથ, માન આદર સૌના જાળવતાં, વિવેક નમ્રતા ભારોભાર, વિદ્વત્તાનું મળ્યું છે વરદાન, સદ્‌ગુણોની છલકે ગાગર. અમે નાતે નાગર ગુણવાન અને વળી વિદ્યાવાન.

પછી નાગરનાં ઘણાં ઘણાં વખાણ પછી અંતમાં હતું સંસ્કૃતિની લાગી છે મહોર અમે નાતે નાગર.

પણ મને વિચાર આવે છે અને પૂછવાનું મન થાય છે કે નાગર જ્ઞાતિ નરસિંહ મહેતાને તેમના જીવનકાળ દરમ્યાન ઓળખી શકી હતી ? લોકોનો સ્વભાવ છે કે તમે કંઈ પણ કરો કે ન કરો બહોળો સમાજ તેમને વગોવવાની તક ન છોડે જગત અને ભગતનો ઝગડો જૂનો અને સનાતન છે.

નરસિંહને દુઃખ દેવામાં કોઈએ બાકી નહોતું રાખ્યું. સંસાર એટલે વહેવાર સંસારી અસારતા, સંસારીનું મન તે નરસિંહને ઓળખાઈ ગયું હતું  તેથી જ તમામ ભક્ત જનો વતી સંસારીઓને કી દીધું કે એવા રે અમો એવા, આ પદના અંતમા નરસિંહ કહે છે હરિજનથી જે અંતર ગણશે, તેના ફેરા ફોગટ કાલા રે.

નરસિંહ નાતજાતનાં બંધનોને ફગાવીને કહે છેઃ હળવા કર્મનો હું નરસૈંયો સંસારમાં અને વહેવારમાં ડૂબેલના કર્મ ભારે હોય પણ નરસિંહના કર્મ મોરપિચ્છ જેવાં હળવાં સુંવાળાં છે અને એ હળવા કર્મથી ભવસાગર તરી જાય છે.

આવા તત્ત્વજ્ઞાની અને ભક્તિ જેને સહજ છે તેવા નરસિંહનાં આપણે બાળકો આપણી જાતને નાગર કહી ઊંચા ચાલીએ છીએ ત્યારે મનમાં જરૂર એક વિચાર આવે છે કે

આપણે સૌ આપણા મનને પ્રશ્ન પૂછીએ ઉપરોક્ત ગણાવેલા થોડા જ ગુણોમાંના કેટલા ગુણો આપણે અપનાવ્યા છે ?

નાગર મુત્સદ્દી કહેવાતો અને જનસમાજના લાભાર્થે કામ કરવાની ખેવના ધરાવતો તેથી જ દીવાનપદ શોભાવતો જનસમાજની ચિંતા તેને હતી તેથી જ તે તેના જીવનની ઉચ્ચતાને પામી શક્યો. આજે આ બધા વિચાર કરતાં એમ લાગે છે કે આપણે આપણું નાગરત્વ ઉજાગર કરવાની જરૂર છે. વડનગરા, વિસનગરા, સાઠોદરા કે પ્રશ્નોરા નાગરોના અંતરને ભૂલી નજીક આવવાની જરૂર છે. વ્યક્તિગત અહમ્ ભૂલવાની જરૂર છે. સાચી તાકાત એકતામાં છે.

નરસિંહ મહેતા તો હરિજનને ત્યાં નાતજાતના ભેદ ભૂલી ભજન ગાવા ગયા તો આપણે તેનાં બાળકો આ અંતર ભૂલી, છોડી, પાંચે આંગળીઓની જેમ એક થઈ મૂઠીની તાકાત બનીએ અને નાગરત્વને ઉજળું બનાવીએ.

યુવાનો આશાવાદી છે તેઓ હાથની મૂઠીની જેમ એક થશે તો નાગરજ્ઞાતિ તો નહિ પણ સમસ્ત સમાજ વિકસિત થશે, એવું નાગરનું ઊજળું કૌવત છે, અને ત્યારે જ કહી શકીશું હાટકેશ્વરો જયતુ.

**કેતકી મહેતા**

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી



# સરસ્વતીચંદ્ર



DROP

Book-Post


**FROM : SHREE VADNAGARA NAGAR MANDAL, MUMBAI**

C/o. Kamlesh S. Vohra, 1502, Tulsibaug Co.op.Hsg.Soc.,
Ramdas Sutrale Marg, Opp. ICICI Bank, Borivali (W), Mumbai - 400 092.
Email : vnmmumbai@yahoo.co.in • Web.: www.shrivadnagaranagar.org